સુવિચાર
કોઈ નિયમ આખરી નથી હોતો, સમય અને સંજોગો બદલતાં નિયમો પણ બદલતા રહે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૧૧/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૭૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી ઓપરેશન શ્રેષ્ઠ સારવાર આધુનિક સુવિધા ફ્રી ઓપરેશન
અકસ્માત ઈજા-ફ્રેક્ચર | સિઝેરીયન પ્રસુતિ | સારણગાંઠ | વધરાવળ | પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો | સોજો-ચરબીની ગાંઠ
ઘુંટણની ગાદી-તાણીયાની ઈજા | એપેન્ડીક્સ | પિતાશયની પથરી | હરસ-મસા-ફિશર | સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ | ફ્રી ડાયાલીસીસ સારવાર
દૂરબીનથી ઓપરેશન
(લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
- પથરી,
- પ્રોસ્ટેટ,
- કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ,
- પિતાશય વગેરેનાં લેપ્રોસ્કોપિક
- તથા એન્ડોસ્કોપિક પદ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## છેલ્લા ૪-૫ મહિનાથી ખેડૂતોએ કરેલ મહેનતનું ફળ મળવાનું શરૂ


# બાબરા : માર્કેટયાર્ડમાં ૭ થી ૮ હજાર મણ મગફળીની આવક

**રાજ્ય સરકારની રૂપિયા ૧૩૫૬થી પ્રતિ મણ મગફળી ખરીદ કરવાની જાહેરાત પહેલા જ ખેડૂતો વેચાણ કરવા લાગ્યા**

**મગફળી પ્રતિ મણનો ભાવ રૂપિયા ૧૧૦૦થી ૧૨૪૫ વચ્ચે મળી રહ્યો છે**

**ખેડૂતો પ્રતિ મણ રૂપિયા ૧૦૦થી ૨૦૦ નુકસાન વેઠીને મગફળી વેચવા મજબૂર**

**સરકારે યુધ્ધનાં ધોરણે ટેકાનાં ભાવે ખરીદી શરૂ કરવી જરૂરી : પોંકિયા**


તસ્વીર : પંકજ ઈન્રોડીયા-બાબરા

બાબરા, તા.૯
બાબરા યાર્ડમાં મગફળીની મોટા પ્રમાણમાં આવક જોવા મળી છે. સાતથી આઠ હજાર મણ મગફળીની આવક અને ભાવ પણ સારો રહેતા ખેડૂતોમાં થોડીક રાહત જોવા મળી હતી. અહીં બાબરા યાર્ડ દિવાળી રજા બાદ લાભ પાંચમ બાદ ખુલતા કપાસ અને મગફળીની સારી આવક જોવા મળી રહી છે. બાબરા તાલુકામાં મોટા ભાગે મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે પણ જેના કારણે ઉત્પાદન પણ સારૂં આવતા યાર્ડમાં મગફળીની આવક જોવા મળી

અનુસંધાન પાના ૬ ઉપર

સ્ટાફ જોઈએ છે..
ઓફિસ બોય - ૧ (ધો.૧૦ પાસ)
ડ્રાઈવર - ૧ (ફોરવ્હીલ લાયસન્સ તથા પાંચ વર્ષનો અનુભવ) (ગાડીમાં સાથે બહારગામ રહી શકે તેવા)
બાયોડેટા સાથે રૂબરૂ મળવાનો સમય
૧૦:૩૦ થી ૧:૦૦ / ૦૪:૦૦ થી ૭:૦૦
રવિરાજ એન્જિનિયર
બીજા માળ કેશવ કોમ્પ્લેક્ષ હોટલ અવધની બાજુમાં-અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
69,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૯/૧૧/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોકુલ પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૭૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

MARUTI SUZUKI
GLOBAL NCAP REVIEW
INTRODUCING THE DAZZLING-NEW DZIRE
BOOKINGS OPEN
NEW MARUTI DZIRE SCORES 5-STAR
મારૂતિ સુઝુકી ની કોઈપણ ગાડીના મોડેલ સૌથી વ્યાજબી કિંમતે મેળવવા...એકવાર રૂબરૂ મુલાકાત લો...
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
Alpha Autolink
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

માધવ ઓર્થોપેડીક હોસ્પિટલ
અમરેલી શહેરની નામાંકિત ઓર્થોપેડીક હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે...
સિક્યુરીટી ડે-નાઈટ | એક્સ-રે ટેકનીશ્યન
રિસેપ્સનીષ્ટ ડે-નાઈટ | નર્સીંગ સ્ટાફ (GNM) ડે-નાઈટ
સ્વીપર ડે-નાઈટ | મેડીકલ ઓફિસર ડે-નાઈટ
કમ્પાઉન્ડર ડે-નાઈટ | એકાઉન્ટન્ટ
ઓપરેશન થીયેટર-આસીસ્ટન્ટ ડે-નાઈટ
રૂબરૂ સંપર્ક કરવો
ડો.હિતેષ ગાંધિ
માધવ ઓર્થોપેડીક હોસ્પિટલ
જલારામ મંદિર સામે, લીલીયા રોડ - અમરેલી

Aikyam
એક્યમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
- ઉદાસી રોગ
- મરવાના વિચાર આવવા
- વિચારવાયુ
- વહેમ, શંકા
- મંદબુધ્ધિ બાળકોની સારવાર
- ચિંતા - ટેન્શન
- માથાનો દુઃખાવો
- જાતિય રોગો
- વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, ફાકા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

## રૂપિયા ૫૦ હજારથી લઈને ૨.૫૦ લાખનાં રોકાણ સામે જબ્બરા વળતરનો દાવો

# હથેળીમાં ચાંદ બતાવીને જનતાને છેતરનારની તપાસ કરો

**ગેરકાયદેસર રીતે પ્રસિધ્ધ પત્રિકામાં જાહેરાત આપનાર અને પ્રસિધ્ધ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી જરૂરી**

**લાખો રૂપિયાની છેતરપીંડી કરીને નાસી ગયા બાદ કાર્યવાહી કરવાને બદલે પાણી પહેલા પાળ બાંધો**

**પોલીસ વિભાગે લોભામણી જાહેરાત અંગે ડે ટુ ડે ચકાસણી કરીને જનતાને રક્ષણ આપવું જોઈએ**

**શહેરીજનોએ પણ લાલચમાં આવીને લોભામણી જાહેર ખબરોથી દૂર રહેવું જોઈએ**

અમરેલી, તા. ૯

અમરેલી શહેરમાં આરએનઆઈમાં રજીસ્ટ્રેશન કરાવ્યા વગર અનેક પ્રકારની જાહેર ખબર પત્રિકા પ્રસિધ્ધ થતી હોય છે અને તેમાં અમુક ચાલાક વ્યકિતઓ જનતાને હથેળીમાં ચાંદ બતાવવારૂપી લોભામણી સ્કીમ પ્રસિધ્ધ કરાવીને જનતાને છેતરવાનો પ્રયાસ કરતાં હોય સ્થાનિક પોલીસે ગેરકાયદેસર પ્રસિધ્ધ થતી જાહેર ખબર પત્રિકા અને તેમા લોભામણી જાહેરાત કરાવનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ જાગૃત નાગરિકો કરી રહ્યા છે.

અમરેલીમાં રૂપિયાનાં રોકાણ સામે દર મહિને ત્રીજા ભાગનાં રૂપિયા નફો આપવા સહિતની લોભામણી જાહેર ખબરો સ્થાનિક પત્રિકામાં ઘણા સમયથી પ્રસિધ્ધ થતી હોય પોલીસ સહિતનાં વિભાગોએ આ સ્કીમ આપનારનું નિવેદન નોંધવું જોઈએ. કારણ કે રોકાણનાં ત્રીજા ભાગનો ફાયદો મળે તેવી જગતની કોઈ ફોર્મ્યુલા કયાંય જોવા મળતી નથી.

અમરેલીમાં અગાઉ પણ લોભામણી જાહેરાતો કરીને અનેક ઈસમો રાતોરાત ફરાર થઈ ગયા હોય અને અનેક રોકાણકારોને દાયકાઓ બાદ પણ કળ વળતી નથી. અમરેલીમાં ૧૫ વર્ષ પહેલા આસ્થા ઈન્વેસ્ટમેન્ટ કે શ્યામ ડ્રો યોજનાનાં નામે ગ્રાહકો સાથે છેતરપીંડી થઈ ચુકી છે.

જવાબદાર વિભાગે પળ નોય વિલંબ કર્યા વગર જાહેર ખબરની પત્રિકાનાં આધારે ઈન્વેસ્ટમેનનાં નામે લોભામણી યોજના ચલાવનારનું નિવેદન નોંધવું જરૂરી બન્યું છે.

---

### ગિરનારની લીલી પરીક્રમાને લઈને

## અમરેલીથી જુનાગઢ માટે રેલ્વે વિભાગ દ્વારા વધારાની સ્પે. ટ્રેન શરૂ કરાશે

**રેલ્વે દ્વારા ફેસ્ટિવલ ટ્રેન પણ શરૂ કરવાનું આયોજન**

અમરેલી, તા. ૯

જુનાગઢ ખાતે ગિરનારની લીલી પરીક્રમા આગામી તા.૧૨ મધ્યરાત્રિથી શરૂ થનાર છે. ત્યારે આ પરીક્રમામાં દરરોજ હજારોની સંખ્યામાં લોકો જોડાતા હોય આ ટ્રાફિકને પહોંચી વળવા માટે થઈ એસ.ટી. વિભાગ, રેલ્વે દ્વારા વધારાની બસ તથા રેલ્વે વિભાગ દ્વારા સ્પે. ફેસ્ટિવલ ટ્રેન દોડાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

સૂત્રોમાંથી મળતી વિગત મુજબ જુનાગઢ ખાતે ગિરનારની લીલી પરીક્રમા આગામી તા. ૧૨ મધ્યરાત્રિથી શરૂ થનાર છે ત્યારે આ પરીક્રમામાં દરરોજ હજારોની સંખ્યામાં લોકો જોડાતા હોય. આ ટ્રાફિકને પહોંચી વળવા માટે થઈ રેલ્વે વિભાગ દ્વારા આગામી તા. ૧૧ થી તા. ૧૭ સુધી અમરેલીથી જુનાગઢ વચ્ચે સ્પે. ફેસ્ટિવલ ટ્રેન દોડાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પે. ફેસ્ટિવલ ટ્રેન અમરેલીથી સવારે ૯ કલાકે જુનાગઢ જવા રવાના થશે જે જુનાગઢ બપોરે ૧૨:૪૦ કલાકે પહોંચશે. જે ટ્રેન બપોરે ૩:૩૦ કલાકે જૂનાગઢથી ઉપડી સાંજે ૭:૩૦ કલાકે અમરેલી પહોંચશે.

આ ઉપરાંત અમરેલી– જુનાગઢ વચ્ચે નિયમિત ચાલતી ટ્રેન તેના નિયત સમયે તો ચાલશે. અમરેલીથી જુનાગઢ વચ્ચે તા. ૧૧ થી તા. ૧૭ સુધી સ્પે. ફેસ્ટિવલ ટ્રેન દોડાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

---

### જગતાત ગણાતા ખેડૂતને પરેશાન કરવામાં વેપારીને કોઈ શરમ નથી

## હે રામ : અમરેલીનાં માર્કેટયાર્ડમાં આવેલ રાસાયણિક ખાતરનાં વેપારી ખેડૂતને રૂપિયા ૮૦૦ની વધારાની એક થેલી પરાણે આપે છે

**જાગૃત્ત ખેડૂતે દુકાનદારનાં બિલોની તપાસ કરી લાયસન્સ રદ કરવા માંગ કરી**

અમરેલી, તા. ૯

રવી પાકોની સીઝન શરૂ થઈ ગયેલ છે ત્યારે જ એકતરફ ખેડૂતોને પૂરતું યુરિયા કે ડીએપી ખાતર લેવા પગે પાણી ઉત્તરી રહેલ છે. તેવાં વખતે જ અમરેલી માર્કેટિંગ યાર્ડમાં આવેલ રાસાયણિક ખાતરની દુકાને ડીએપી ખાતર લેવા જતા ખેડૂતને રૂા. ૮૦૦ની કિંમતની એક થેલી પરાણે પધરાવવામાં આવી રહેલ છે જે અંગે કૃષિ મંત્રીને રજૂઆત કરવામાં આવેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ ચોમાસામાં અતિવૃષ્ટિના કારણે ઘણા ખેડૂતોના પાક નિષ્ફળ ગયેલ હતાં. આવા નિષ્ફળ ગયેલ પાકો અંગે સરકાર દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને અન્યાય કરી સહાય પણ ચૂકવવામાં આવેલ નથી. તેવા વખતે જ ખેડૂતો હાલ ઉછી ઉધાર કરી શિયાળું પાક લેવામાં જોતરાયેલ છે. ત્યારે દુકાળ માં અધિક માસની જેમ અમરેલી માર્કેટિંગ યાર્ડમાં આવેલ ખાતરના દુકાનદાર દ્વારા ડીએપી ખાતરની ખરીદી કરનાર ખેડૂતને રૂા. ૮૦૦ ની કિંમતની એક વધારાની ખાતરની થેલી પરાણે પધરાવવામાં આવી રહેલ છે.

જે અંગે સરકારના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાને રજૂઆત કરવામાં આવતા તેઓએ જણાવેલ હતું કે, યુરિયા કે ડીએપી ખાતરની ખરીદી સાથે અન્ય કોઈ પણ ખાતર ખેડૂતને પરાણે આપવાનો સરકારનો કોઈ પરિપત્ર નથી. જે અંગે ભોગ બનેલ ખેડૂત નાથાલાલ સુખડીયાએ ખેડૂતોને પરાણે પધરાવી રહેલ ખાતરની થેલી અંગે જવાબદાર દુકાનદારે કેટલા ખેડૂતોને પરાણે ખાતરની થેલીઓ પધરાવેલ છે તે અંગે બિલોની તપાસ કરી જવાબદાર ખેતીવાડી અધિકારી સામે અને દુકાનદાર સામે તપાસ કરી લાઈસન્સ રદ કરી રાજકીય ઓથ ધરાવતા ન હોય તેવા વ્યકિતને સરકારની સબસીડી વાળા ખાતરના વહેંચાણ અંગે લાઈસન્સ આપવા સહિતના પગલા ભરવા કૃષિ મંત્રીને રજૂઆત કરવામાં આવેલ હતી.

---

### પૂર્વ સાસંદ નારણભાઈ કાછડીયાએ માર્ગ–મકાન વિભાગમાં પત્ર પાઠવ્યો

## અમરેલીમાં લીલીયા ચોકડીથી દાદા ભગવાન મંદિર આગળનો માર્ગ ૬ માસથી ધુળીયો બનતા પરેશાની

**જનતા જનાર્દનનો ગુસ્સો બહાર આવે તે પહેલા કાર્યવાહી કરવા માંગ**

અમરેલી, તા. ૯

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ અમરેલી માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ હસ્તકનાં અમરેલી શહેરમાં આવેલ લીલીયા ચોકડીથી દાદા ભગવાન મંદિર આગળ નો માર્ગ છેલ્લા છ માસથી ધુડીયો હોવાથી સ્થાનિક લોકોનું આરોગ્ય જોખમાઈ રહયુ હોવા તેમજ ટુવ્હીલ ચાલકોના અકસ્માતો થતા હોવા બાબતે કાર્યપાલક ઈજનેરને લેખિત જાણ કરી કાર્યવાહી કરવા રજૂઆત કરેલ છે.

પૂર્વ સાંસદના જણાવ્યા મુજબ અમરેલી શહેરની અંદર લીલીયા ચોકડીથી દાદા ભગવાનના મંદિર આગળનો માર્ગ છેલ્લા ૬ મહિનાથી ધુડીયો માર્ગ છે. જેના લીધે આજુબાજુના રહીશો, આસપાસની સોસાયટીમાં રહેતા લોકો, બાળકો, વૃધ્ધોનું શારીરિક આરોગ્ય જોખમાય તેવી પરિસ્થિતિ નિર્માણ થયેલ છે જે બાબતે કોઈ કાંઈ બોલતું નથી. એક તરફ દાદા ભગવાનનું મંદિર આવેલું છે જયાં હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુ ભાઈઓ–બહેનો દર્શન કરવા માટે આવે છે. ત્યાં ૨૪ કલાક ધુળની ડમરી ચડી હોય છે જેના લીધે કેટલાંય ટુ વ્હીલ ચાલકો પડેલ છે અથવા તો નાના અકસ્માતો સર્જાયેલ છે છતાં નિંભર તંત્ર કે કોન્ટ્રાકટરના પેટનું પાણી પણ હલતું નથી.

સ્ટેટ રોડના કામોના કોઈપણ ટેન્ડરની અંદર જોગવાઈ હોય છે કે કોઈપણ રસ્તામાં ડાઈવર્ઝન કાઢવાનું હોય તો તેમાં પેવર કરીને પછી જ નાળા, પુલીયાના કામો ચાલુ કરવાના હોય છે. પરંતુ કુંભકર્ણની ઘોરનિંદ્રામાં ઉંઘતું માર્ગ અને મકાન સ્ટેટ વિભાગનું તંત્ર કયારે જાગશે અને કયારે અહીંયાના રહીશો અને વાહન ચાલકોને આ ધુળની ડમરીમાંથી છુટકારો મળશે ?

પૂર્વ સાંસદે વધુમાં જણાવેલ છે કે, અમરેલી શહેરમાંથી ફોરલેન થાય છે, સીસી રોડ થાય છે જે સારી બાબત છે. જેનાથી અમરેલીના શહેરીજનો અને રાહદારીઓને ઘણી જ રાહત થશે પરંતુ તે પહેલા સ્થાનિક રહીશોના પેટમાં કેટકેટલી ધુળ જતી રહેશે. તેથી પૂર્વ સાંસદે જીલ્લા તંત્રને લેખિત જાણ કરી આ રોડનું કામ કરતી એજન્સીને જરૂરી સુચના આપી આ વિસ્તારમાં તેમજ ડાઈવર્ઝન ઉપર પેવર કરવાની કામગીરી તાત્કાલીક હાથ ધરવામાં આવે તેમજ અમરેલીના લોકોનો ગુસ્સો બહાર આવે તે પહેલા તમે બહાર આવો તેવી પૂર્વ સાંસદે માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના અધિકારીને ખાસ તાકીદ કરેલ છે.

---

### જિલ્લામાં અલગ–અલગ અપમૃત્યુનાં ૪ બનાવો

## અમરેલીમાં ૪ વ્યકિતઓએ ઝેરી દવાની અસરથી મોત

**કળિયુગનાં દિવસોમાં રોજબરોજની ચિંતામાં વધારો**

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં અલગ અલગ ચાર અપમૃત્યુના બનાવો જે તે પોલીસ સ્ટેશનમાં નોંધાતા સ્થાનિક પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં અમરેલીના ડુબાણીયા મસ્જીદ પાસે જુના સાવરકુંડલા બાયપાસ રોડ ઉપર રહેતા અરશદભાઈ હાજીશાહ શાહમાદાર નામનાં ૨૨ વર્ષિય યુવકે ગત તા. ૩૧/૧૦ના બપોરે ૨:૩૦ વાગ્યે પોતાના ઘરે પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયું હતું.

બીજા બનાવમાં બાબરા ગામે રહેતા અરવિંદભાઈ રામજીભાઈ મેવાડા નામનાં ૪૭ વર્ષિય આધેડને નશો કરવાની ટેવ હોય જે ટેવ એકાદ મહિનાથી મુકી દિધેલ અને સુનમુન ઘરે બેસી રહેતા હોય અને તે બાબતે મનમાં લાગી આવતા તા. ૭ના રોજ સવારે ૮ વાગ્યે પોતે પોતાની મેળે અનાજમાં નાખવાના ટીકડા પી જતા ગોંડલ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના શેખ પીપરીયા જયસુખભાઈ વેલશીભાઈ સતાણીની વાડીએ રહેતા રાજુભાઈ રામસિંગભાઈ ઉર્ફે કિશનભાઈ ભરડીયા નામનાં ૪૯ વર્ષિય આધેડ ગત તા. ૮ના રોજ સવારના અગ્યારેક વાગ્યાથી સાડા બારેક વાગ્યા સુધીના કોઈપણ દરમ્યાન પોતાની ભાગવી રાખેલ વાડીએ દવા છાંટવાનું કહીને ઘરેથી ગયેલ હતા અને તેમને ઝેરી દવાની અસર થતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ચોથા બનાવમાં ધારી તાલુકાના ભાડેર ગામે રહેતા અશોકભાઈ નાજાભાઈ સાગઠીયા નામનાં ૩૭ વર્ષિય યુવકને છેલ્લા બે મહિનાથી કોઈ કામ ધંધો મળતો ન હોય જેથી પોતે આર્થિક સંકડાકણના કારણે કંટાળી જઈ ગત તા. ૬ના રોજ બપોરે ૧ વાગ્યે ભાડેર ગામે પોતાના રહેણાંક મકાને પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### વિસાવદર ગામનાં કાલસારી ગામની મહિલાની

## આંબરડી સફારી પાર્કમાં પાર્ક થયેલ કારનો કાચ તોડીને રૂા. ૧.૯૪ લાખનાં મુદ્દામાલની ચોરી

**પ્રવાસીઓની સુરક્ષા માટે બંદોબસ્ત જરૂરી**

અમરેલી, તા. ૯

હાલ સુરત ગામે રહેતા અને મુળ વિસાવદર તાલુકાના કાલસારી ગામના વતની પ્રફુલાબેન ગરીશભાઈ માલવીયા નામની મહિલા સહિતના લોકો ગત તા. ૭ના રોજ સવારે પોતાની ફોર વ્હીલ કાર લઈને ધારી નજીક આવેલ સફારી પાર્કમાં ફરવા આવેલ અને પોતાની ફોરવ્હીલ કાર સફારી પાર્કના પાર્કીંગ અંદર પાર્ક કરેલ હતી. ત્યારે સવારે ૧૧ થી ૧૨:૧૫ વાગ્યા દરમિયાન આરોપી કોઈ અજાણ્યા ચોર ઈસમે મહિલાની ફોરવ્હીલ કારનો પાછળના દરવાજાનો નાનો કાચ તોડી કાર અંદર મુકેલ મહિલાના પર્સમાંથી એક સોનાનો ચેઈન આશરે પંદરેક ગ્રામનો જેની કિંમત રૂપિયા ૭૦,૦૦૦ તથા એક સોનાની લક્કી આશરે પંદરેક ગ્રામની જેની કિંમત રૂપિયા ૭૦,૦૦૦ તથા સોનાનું પેન્ડલ આશરે પાંચેક ગ્રામનું જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા એક સોનાની વીંટી આશરે પાંચેક ગ્રામની જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા ચાંદીની ત્રણ વીંટી કિંમત રૂપિયા ૮૦૦૦ ની તથા રોકડા રકમ રૂપિયા ૫૦૦૦ તથા બ્લુ કલરના પર્સમાંથી રોકડા રૂપિયા ૧૩૦૦ તેમજ કટલેરીની ચીજ વસ્તુ મળી કુલ રૂપિયા ૧,૯૪,૩૦૦ ના મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

## લીલીયા તાલુકા ભરમાં E.K.Y.C. અપડેટ માટે નાઈટ કેમ્પનું આયોજન



લીલીયા, તા. ૯

સરકાર દ્વારા E K.Y.C અપડેટનો કાર્યક્રમ ચાલુ હોય તો લીલીયા તાલુકાના તમામ ગામોમાં સોમવારથી શનિવાર તારીખ ૧૧/૧૧/૨૪ થી તારીખ ૧૭/૧૧/૨૪ એમ કુલ સાત દિવસ ખાસ ઝુંબેશના ભાગરૂપે દરેક ગામે તલાટી કમ મંત્રી તેમજ V.C.E મારફત E.K.Y.C. ની અપડેટની કામગીરી માટે નાઈટ કેમ્પ યોજવામાં આવશે જેનો સમય રાત્રે ૮:૦૦થી ૧૦ કલાકનો નક્કી કરવામાં આવેલ છે દરેક રેશનકાર્ડ ધારકોને નમ્ર નિવેદન છે કે પોતાના ગામના તલાટી કમ મંત્રી તથા V.C.E નો સંપર્ક કરી પોતાના રેશનકાર્ડમાં જેટલા સભ્યો હોય તેમના E.K.Y.C અપડેટ કરી લે તેવું લીલીયા મામલતદાર કે.બી.સાંગાણી તેમજ તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય દ્વારા આહવાન કરવામાં આવેલ છે આ બાબતે સામાજિક આગેવાનો તેમજ સરપંચઓ લોકોમાં જાગૃતતા લાવી વધારેમાં વધારે કેમ્પોનો લાભ અરજદારોને લેવરાવે તેવી પણ આ તકે અપીલ કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### ટ્રાન્સફોર્મર બન્યા શોભાના ગાંઠીયા સમાન

## વીજપડીમાં ફેઈલ ટીસી સળંગ ૧૨ દિવસથી નહી બદલાતા ખેડૂતો પરેશાન

**જવાબદાર અધિકારીઓનાં અભાવે પરેશાની**

વીજપડી, તા. ૯

સાવરકુંડલાના તાલુકા કક્ષાના વીજપડી ગામને શોભાના ગાંઠીયા જેવી Pgvcl કચેરી મળી છે. ફરજપર ના અધિકારીઓ સમયસર ખેડૂતોની સમસ્યા હલ કરવામાં નિષ્ફળ ઊતરેલ છે ખેડૂતોના ૧૨ દિવસ થી ટ્રાન્સફોર્મર બળી ગયેલ ધક્કા ખાવા છતાં બદલતાં નથી ફરજપરના અધિકારી રજા ઉપર ગયેલ છે જવાબદાર કોઈ છે નહીં છે એ કહેવાના જુઈ છે જેમનાથી પ્રશ્નો હલ થતા નથી અને ખેડૂતો હેરાન પરેશાન છે બાબતે સાવરકુંડલા હે ઓ ના કા પા ઈજનેર પણ માહિતગાર છે છત્તા કોઈના પેટના પાણી હલતા નથી તેમ ખેડૂત વતી અમાનભાઈ રસભયા વિજપડીએ જણાવેલ છે.

---

### ખુલ્લા ફ્યુઝ અને પેટી જોવા મળે

## ખાંભા તાલુકાના મોટા સમઢિયાળા ગામે PGVCLની ઘોર બેદરકારી

**ઉચ્ચ અધિકારીઓ યોગ્ય કરે તેવી માંગ**



સાવરકુંડલા તા. ૯

ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે પીજીવીસીએલની ખોર બેદરકારી નજરે પડે છે શાળાના બાળકો તેમજ આવા જવાનો રસ્તો મેઈન માર્ગ ઉપર જ ખુલ્લી ડીપી તેમજ ખુલ્લા ફયુઝ તેમજ ખુલ્લા વાયરીંગ સાથે જમીનથી માત્ર એક ફૂટ જ નીચે જાનમાલને નુકસાન થાય એ પહેલા પીજીવીસીએલના બાબુઓ નિંદ્રામાંથી બહાર આવે તેવું સ્થાનિક ર રહીશોમાં માંગ ઉઠવા પામેલ છે આ બે જવાબદાર અધિકારીઓ તેમજ કર્મચારીઓ સામે પગલાં લેવાય. આટલા સમયથી ખુલ્લા વાયરો ખુલ્લા ફયુઝ તેવી બેદરકારી છે. એમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

## જિલ્લામાં અનેક સ્થળોએ ખુલ્લેઆમ દેશી દારૂની પોટલીનું વેચાણ અને સેવન

# અમરેલી જિલ્લામાં દેશી દારૂનાં દુષણથી અનેક પરિવારો બરબાદ

### અમુક ગ્રામ્ય વિસ્તારમાં દારૂ ખરીદવા માટે પડાપડી થતી હોવાની પણ ફરિયાદ ઉભી થઈ રહી છે

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં દેશી દારૂનાં દુષણનાં કારણે અનેક શ્રમિક પરિવારોની આર્થિક હાલત અતિ દયનીય બનવાની સાથે ઘરકંકાસનું પણ પ્રમાણ વધતા બુધ્ધિજીવીઓમાં આ મામલે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

થોડા દિવસો પહેલા અમરેલીનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ નેસડી ગામની મુલાકાત લઈને જણાવેલ કે, ગામમાં દેશી દારૂનો દરરોજ મેળો ભરાઈ રહ્યો છે અને ખેતરે-ખેતરે દેશી દારૂ પહોંચતો કરાતો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

### દેશી દારૂનાં કારણે પરિવારનો મોભી ભાન ભુલતા હોવાથી ઘરકંકાસનું પ્રમાણ પણ વધે

ગાંધીનાં ગુજરાતમાં આવેલ ડો. જીવરાજ મહેતાનાં અમરેલી જિલ્લામાં દેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ અને સેવન થાય તે બાબત પોલીસ વિભાગ અને તમામ જનપ્રતિનિધિઓ માટે પણ ચિંતાનો વિષય બનવો જોઈએ. કારણ કે દારૂનું દુષણ અનેક પરિવારોને આર્થિક પાયમાલમાં ધકેલી દે છે. સાથો સાથ પરિવારનો મોભી દેશી દારૂનું સેવન કરે એટલે તે ગંભીર બીમારીમાં સપડાઈ અને તે પરિવારની આવક પર પણ વ્યાપક અસર થતી હોય છે.

### સરપંચથી લઈને સાંસદ સુધીનાં જનપ્રતિનિધિઓએ પોલીસને સહયોગ કરીને દેશી દારૂનાં દુષણને ડામવું પડશે

દેશી દારૂનું સેવન મોટાભાગે શ્રમિક પરિવારનો મોભી કરતો હોવાથી સમગ્ર પરિવાર પર આફતનાં વાદળો હંમેશા ઘેરાયેલ રહેતા હોય છે. તેવા સમયે સરપંચથી લઈને સાંસદ અને પોલીસ કોન્સ્ટેબલથી લઈને પોલીસ અધિક્ષક સુધી સૌએ સાથે મળીને દેશી દારૂનાં દુષણને નેસ્તનાબુદ કરીને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં આદર્શનું પાલન કરાવવું જોઈએ તે માનવતા માટે શ્રેષ્ઠ કાર્ય સાબિત થશે.

### રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં ગુજરાતમાં દેશી દારૂનું વેચાણ અને સેવન થાય તે બાબત અતિ શરમજનક

---

#### તસ્કરો ધાર્મિક સ્થાનો પણ છોડતા નથી

## રાજુલા : ચૌત્રા ગામ નજીક આવેલ મોમાઈ માતાજીનાં મંદિરમાંથી ચોરી

### તસ્કરો દાનપેટીની ચોરી કરતાં કેમેરામાં કેદ થયા

રાજુલા, તા. ૯

રાજુલાતાલુકાનાચોત્રાગામ નજીકઆવેલમોમાઈમાતાજીનામંદિરમાં રાત્રીના સમયે તસ્કરો ત્રાટકયા. આ દાનપેટીમાં રૂા. ૫૦,૦૦૦ની અજાણ્યા ઈસમો ચોરી ગયાની રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી. આ મંદિરના પુજારીએ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે અજાણ્યા શખ્સોદ્વારામંદિરમાંચોરીકરવામાંઆવી છે.તસ્કરોદાનપેટીનેઉઠાવવામાટેકેવીરીતે પ્લાન કરી આખી દાન પેટી ઉઠાવી લાઈવ સીસીટીવીફૂટેજપોલીસેકબ્જેકરીછેઅને આ બાબતે તપાસનો દોર શરૂ સીસીટીવી કેમેરાના આધારે પોલીસ દ્વારા જુદી જુદી દિશામાંતપાસનોધમધમાટશરૂ.



તસ્કરો બુકાની ધારી બની ચોરી કરવા મંદિરમાં આવ્યા રાજુલા પોલીસઅનેલોકલક્રાઈમબ્રાન્ચનીટીમો દ્વારા ચોરી કરનારા ઈસમોને શોધવા કવાયત હાથ ધરવામાં આવી. મોમાઈ માતાજીનું મંદિર સમગ્ર બાબરીયાવાડ પંથકમાંઆસ્થાનુંકેન્દ્રછેત્યારેમંદિરમાં ચોરી થતા લોકોમાં રોષ જોવા મળ્યો.

---

#### જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો સદ્‌ઉપયોગ થતો નથી

## લ્યો બોલો : દામનગરમાં દોઢ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ મહત્વના પુલમાં ગાબડા પડવાનું શરૂ થયું

### સ્થાનિક પાલિકાનાં શાસકોએ માર્ગની મરામત કરવી જરૂરી





દામનગર, તા. ૯

દામનગરમાં ભુરખીયા - ઢસા રોડ ચોકડીથી દામનગર શહેરમાં પ્રવેશતા જ છ વર્ષ પહેલાં નવા બનાવેલ રૂા. દોઢ કરોડના ખર્ચવાળા પુલની બંને બાજુ કડ છે. અધૂરામાં પૂરૂં ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ રહે છે અને ખાડાઓ પડી જતાં, થાકડ-થીગડ ખાડાઓ બૂર્યા છે. તદુપરાંત નિઃસહાય પશુઓ અડિંગો જમાવીને બેસી રહેતા હોયઆબધુંસ્થાનિકસ્વરાજનીસંસ્થામાં બેસેલા લોકો મુકપ્રેક્ષક બનીને જોયા કરે છે અને આ પુલ ઉપરથી માલવાહક મોટા-મોટા વાહનો પસાર થાય છે ત્યારે એમ લાગે કે ગમે ત્યારે મોટો અકસ્માત થશે. તો અહીંના લોકોને મુંગે મોઢે સહન કરવાની આદત પડી ગઈ છે. આ વિસ્તારના ધારાસભ્ય પુલ-રોડ-રસ્તા -તળાવોના નવીનીકરણ માટે અને વિકાસના કામો માટે ગ્રાન્ટ મંજૂર કરાવે છે, તો આ પુલ માટે જરૂરી સમારકામ કરાવી આપે અને આ પુલની બંને બાજુ સ્પીડ બ્રેકરો ન હોવાથી બેફામ દોડતા વાહનોને કારણે ગમખ્વાર બનાવ બનવાની પૂરેપૂરી શકયતા રહેતી હોય. માર્ગ અને મકાન વિભાગ સાથે સંકલન કરી આ પુલમાં ઉભી થયેલ સમસ્યાનો હલ કરવામાં આવે એવી પ્રાર્થના નહિપણસૂચનછે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અધધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮



વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ-૨૦૧૩ (૮-સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦



















# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

4

તા.૧૦–૧૧–૨૦૨૪


**પ્રકરણ : ૨૦૮– ૧૯૬૨**

**આપ કી નઝરો ને સમજા. પ્યાર કે કાબિલ મુજે.. દિલ કી એ ધડકન**
**જીયા લે ગયો જી મોરા સાવરીયા.. લાગી મન મે લગન.. હુઈ બાવરીયા**

**પ્રિય વાચક મિત્રો,**

તુઝે જીવન કી ડોર સે બાંધ લિયા હૈ.. તેરે ઝૂલમો સિતમ સર આંખો
તેરા મેરા પ્યાર અમર.. ફીર કયૂ. મુઝ કો લગતા હૈ ડર.. મેરે જીવન છેડા મેરે દિલને તરાના. તેરે. પ્યાર કા.. જિસને સૂના ખો ગયા.. લાખ છુપાઓ.. છૂપના સકેગા.. રાઝ યે કિતના ગહેરા.. દિલ કી

**પ્રિય વાચક મિત્રો,**

દિપાવલી અને નુતન વર્ષ ની શુભ કામનાઓ સાથે, શ્રી જલારામ બાપા જયંતિ, અને દેવ દિવાળી પર્વની હાર્દિક શુભ કામનાઓ સાથે, વિ. સ. ૨૦૮૧ની શુભ કામનાઓ.

દિપાવલીના તહેવારો હોય, કે કોઈ પણ સુખ કે દુખનો પ્રસંગ હોય, તેમાં માત્ર રૂપિયા, ધન થી મનને શાંતિ અને સુખ મળતું નથી. મનની શાંતિ માટે પ્રેમ, લાગણી ભર્યા સંબંધોની જરૂર હોય છે, માતા પિતાનો પ્રેમ, ભાઈ, બહેનનો સ્નેહ, પ્રેમિકા કે પત્ની જેવી હમસફર, અને અડધી રાતના હોકારા જેવા મિત્રો, જો જીવનમાં ના હોય તો રૂપિયા કે ધનની ચમક પણ ઝાંખી લાગે છે, અને જો આવો




સ્નેહ, લાગણી, પ્રેમ હોય તો ગરીબીમાં પણ સંપતિ વાન હોવાનો અનુભવ થાય છે. બસ આવી જ કહાની લઈ આજે દેવ સાહેબની સુપર હિટ ફિલ્મની વાત કરીશું.

અસલી નકલી–જીવનમાં અસલી સુખએ પ્રેમ લાગણી અને સ્નેહ છે, રૂપિયા ધન જરૂરી છે, પણ પ્રેમ અને લાગણીનો ખજાનો ના હોય તો બધુ નકામું છે. આ ફિલ્મની કથા ૧૯૬૧માં 'માયા' ફિલ્મમાં પણ આવી ગઈ હતી, તેમાં પણ દેવ આનંદ, અને માલા સિંહા, હતા, જેમાં એક કરોડપતિ યુવાન પ્રેમ અને લાગણી શોધવા માટે ગરીબોની વસ્તીમાં જાય છે, અને ત્યાંથી દોસ્તી, પ્રેમ અને લાગણીનો ખજાનો મેળવે છે. હિન્દી સિનેમા માં આગળ જતાં, ઘણી ફિલ્મોની કથા ચોરી લઈ, તે મૂળ ફિલ્મ પ્રદર્શિત થાય તે પેહલા તેમની ફિલ્મ રજૂ કરી દેવાના કાવા દાવા ચાલશે, જેમાં મોટા ભાગના લોકો સફળ થાય છે, અહી પણ માયા અને અસલી નકલી બન્ને ફિલ્મ સફળ રહી હતી. આજે નબીરા આ મોંઘી દાટ કારને બેફામ ચલાવી રહ્યા છે, તે ૧૯૬૨માં પણ દૂષણ હતું, જે અહી દર્શાવ્યું છે, ફિલ્મના નાયક દેવ આનંદ એક કરોડપતિ નબીરા છે, અને તેની ફિલ્મમાં એન્ટ્રી જ બેફામ કાર ડ્રાઈવિંગ સાથે થાય છે. પણ તે સમયે કાયદો કડક હતો કે પોલીસ તે નક્કી આપણે કરવાનું છે. ત્યારે નબીરા આ નિર્દોષ લોકોની હત્યા કરતાંના હતા, અને આજે આવા નબીરાઓ ઘણા ઘર બરબાદ કરી રહ્યા છે, અને પોલીસ રાજકીય ઓથ ધરાવતા આવા નબીરા આને કશું કરી શકતી નથી. ફિલ્મ માં એક બીજી મહત્વની વાત એ છે કે, વ્યક્તિનો અભ્યાસ ભલે હોય, પણ કામ કરવા ની આવડત ના હોય તો સફળતા મળતી નથી, અહી નાયક દેવ આર્થિક રીતે સુખી છે, તેથી અભ્યાસમાં નિપુણ છે, પણ તે ચોપડયું જ્ઞાન તેને વાસ્તવિક જીવનમાં કામમાં આવતું નથી, તેથી અભ્યાસની સાથે આવડત પણ જરૂરી છે, આ ફિલ્મમાં, દેવ આનંદ, સાધના, સંધ્યા રોય, નાઝીર હુસેન, કેસટો મુખર્જી, હરિ શિવ દાસની, શિવજી ભાઈ, મુકરી, શોભા સેન, લીલા ચીટનીસ, મોતીલાલ, અને અનવર હુસેનથી અભિનીત આ ફિલ્મનું નું નિર્દેશન ઋષિકેશ મુખર્જીએ કર્યું છે. એલ બી લછમનના નિર્માણ માં, ઈન્દ્રરાજ આનંદની કહાની અને સંવાદ, જયવંત પથરેની સિનેમા ઓટો ગ્રાફી, દાસ ઢ ીમડે ની અડિટિંગ, શૈલેન્દ્ર, હસરત

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

જઈપૂરી ના શબ્દો અને શંકર જયકિશનના મધુર સંગીત સાથે રફી સાહેબ અને લતાજીના કોમળ સ્વરમાં રચાયેલા ગીતોથી સજેલ આ ફિલ્મ વર્ષની પાંચવા નબરની સફળ ફિલ્મ હતી, જેણે તે સમયે નેવું લાખ રૂપિયાનો નફો કર્યો હતો.

ફિલ્મની કથા ટૂંકમાં જોઈ એ તો દેવ એક અમીર દાદા નાઝીરનો એક માત્ર પેત્ર છે. દેવ શરાબ અને જુગારનો શોખીન છે, કારણ કે પ્રેમ, લાગણી શું કેહવાય તે તેને ખબર જ નથી, અને તે દર્દ ભૂલવા તે શરાબનો સહારો લેતો હોય છે, તેના દાદા તેના લગ્ન તેની મરજી વિરૂદ્ધ કરવા માંગે છે, તો દેવ ના કહી દે છે, ત્યારે તેના દાદા તેને કહે છે કે તેની કોઈ ઓળખ નથી, તે માત્ર તેના દાદાની દેલત પર મોજ કરતો યુવાન છે, અને દેવ ઘર છોડી પોતાની ઓળખ મેળવવા જતો રહે છે. પણ હમેંશા એશો આરામમાં જીવતા દેવને દુનિયા કઠિન લાગે છે, તેવામાં તેને એક દોસ્ત અનવર તેને ઘર લઈ જાય છે, ત્યાં તેને સંધ્યા જેવી બહેનનો સ્નેહ મળે છે. મુકરી અને અનવર જેવા ભાઈ જેવા મિત્રો મળે છે, અને સાધનાનો પ્રેમ મળે છે. પોતાની અણ આવડતના લીધે દેવને નોકરી મળતી નથી. તેની બહેન સંધ્યા તેના ઘરેણાં વેચી દેવને ભોજન આપે છે, આ બધો સ્નેહ દેવ ને જીવન નું સત્ય સમજાવે છે, સાધનાનો પ્રેમ તેને જીવન પ્રત્યેનો અભિગમ સમજાવે છે, સાધનાના પિતા હયાત નથી, પણ તેની માતા આ સમાચાર સહન કરી શકે તેમ નથી, તેથી સાધના નોકરી કરી, જે રકમ આવે તે તેના પિતા એ વિદેશથી મોકલી છે, કહી માતાને ખુશ રાખે છે. દેવને આત્મીયતા અને પ્રેમનો ખજાનો કોને કેહવાય તે સમજાઈ જાય છે.




પણ નાઝીર દેવને શોધી દેવ અને સાધનાને અલગ કરે છે, સાધના અને દેવને ધમકી આપે છે કે દેવ તેની પસંદની યુવતી સાથે લગ્ન નહીં કરે તો સાધનાના માતાને તે તેના પિતા બાબતની સચ્ચાઈ બતાવી દેશે. દેવ સાધના સાથે લગ્નના કરવા વિચારે છે, પણ તેના મિત્રો તેને દોષિત માને છે, સાધનાની માતાને સત્ય સમજાય છે, તે પુત્રીના સુખ માટે જીવવા તૈયાર થઈ જાય છે, અંતે દેવ અને સાધના દેવના દાદા નો વિરોધ કરી એક થવા જાય છે, અને અંતે નાઝીર પણ તેમને સમ્મતિ આપે છે.


અસલી નકલીએ મનની શાંતિ શેમાં છે ? તે સમજાવતી ફિલ્મ છે, ફિલ્મનું નિર્દેશન ઋષિકેશ મુખર્જીનું કોઈ પણ ભૂલ વગર નું છે, આ ફિલ્મના અમુક દ્રશ્યો તેઓએ તેમની આગામી ફિલ્મો, નમક હરામ અને ચુપકે ચુપકેમાં અલગ રીતે રજૂ કર્યા છે, ફિલ્મની સફળતામાં, શંકર જયકિશનના મધુર સંગીત અને રફી સાહેબ અને લતાજીના સ્વર બધ્ધ ગીતોનો મુખ્ય ફાળો છે. એક બૂથ બનેંગા એર પુજા કરૂગા.. મર જાઉંગા પર પ્યારના દુઝા કરૂંગા.. ગીત રફી સાહેબના યાદગાર ગીતોમાં સામેલ છે, અહી ઋષિકેશે સરસ નિર્દેશન કરેલ છે, દેવ અને સાધનાને દૂર રાખી, અને અંતે સાધના દેવને આશીર્વાદ આપે તે રીતનું ચિત્રિ કરણ કરેલ છે, તો લતાજીના સ્વરમાં તેરા મેરા પ્યાર અમર..ગીત લતાજીના આહલાદક સ્વરમાં અદભૂત રચના છે, લતાજીએ એક એક શબ્દને સમજીને ગીતને વાચા આપી છે, નિર્દેશન અહી પણ ઉચ્ચ કક્ષાનું છે, દેવને અહી ડોલતા દર્શાવ્યા નથી, તેના મુખ પર એક અલગ જ હાવ ભાવ અહી ઊભા કરાયા છે, ગીતના શબ્દો એટલા લાગણી ભર્યા છે કે, એક એક શબ્દનો અર્થ સમજવો જરૂરી છે. કલ કી દેલત આજ કી ખુશીયા.. રફી સાહેબ ના સ્વરમાં, અને છેડા મેરે દિલ ને તરાના..ગીત આજે પણ યાદગાર ગીતો પૈકી એક છે, દેવ સાહેબની શરાબીની અદા સરસ રીતે રજૂ કરાઈ છે. સંધ્યા રોયએ બંગાળી કલાકાર છે, અને ૨૦૧૪માં તૃણમૂલ કોંગ્રેસ ના સાંસદ રહી ચૂકયા છે, તેમના પર ફિલ્મ વાયેલું ગીત, લાખ છુપાઓ છૂપના.. ગીત ફિલ્મનું ટાઈટલ ગીત છે. ગોરી જરા હસ દે તો.. ગીત હરફન મેલા રફી સાહેબની યાદગીરી છે, તો તુઝે જીવન કી ડોર સે.. ગીત અને શબ્દો યાદગાર છે, ફિલ્મ નિર્દેશન અને દેવ સાહેબ, સાધના, સંધ્યા અને અનવર હુસેન અને નાઝીર હુસેન સાથે તમામ કલાકારોના અભિનયથી ઉજાગર છે.

બાત એક રાત કી – શંકર મુખર્જીના નિર્દેશન અને, અલંકાર ચિત્રાના નિર્માણમાં, વૃજેન્દ્ર ગેરની કહાની અને મજરૂહ સુલ્તાન પૂરીના ગીતો, માં રફી સાહેબ, લતાજી, મન્ના ડે, સુમન કલ્યાણ પૂર, હેમંત કુમાર, અને આશા જી નામધુર સ્વર સાથે ના ગીતો ને, એસ.ડી. બર્મન એટલે કે દાદાએ સંગીત આપ્યું છે, ફિલ્મમાં દેવ આનંદ, વહિદા રેહમાન, જહોની વોકર, ઉલહાસ, જગદીશ સેઠી, અસિત સેન, સાબિતા મુખર્જી, એડવીના, અને ચંદ્ર શેખરે અભિનય આપેલ છે. આ ફિલ્મ એક સસ્પેન્સ ક્રાઈમ થ્રીલર અને કોર્ટ ડ્રામા ફિલ્મ છે, જેની વાત આગામી અંકમાં કરીશું, અને સાથે શો મેન રાજ કપૂરની સફળ ફિલ્મ સાથે મળીશું. આભાર.

# શિયાળા નો ખોરાક

મીત્રો, શીયાળા નો પ્રારંભ થઇ ગયો છે, આ ઋતુ મુજબ કયો ખોરાક લેવો જેથી આખા વર્ષનું પોષણ ભેગુ કરી શકાય. હોસ્પીટલમાં સારવાર લેવા આવતા મોટા ભાગના દર્દીઓનો હમણા એક જ સવાલ હોય છે, શિયાળામાં શુ ખાવું, બે દીવસ પહેલા એક બહેન તેના ૧૦ વર્ષના બાબાને લઇ દવા લેવા આવ્યા, છોકરો દેખાવમા જ મને ફીકો લાગ્યો, નાકમાંથી પાણી વહેતુ હતુ, ખાવા બાબતે બહુ લાડકાય કરતો હશે એવું લાગ્યુ. બેને મને ફરીયાદ કરી, સાહેબ મારો અમન (નામ બદલાવેલ છે) વારંવાર બીમાર પડે છે, ભણવાનુ બરાબર યાદ નથી રહેતુ. ડોકટર સાહેબને બતાવ્યુ તેમણે એવુ કહ્યુ કે અમનની રોગપ્રતીકારક શક્તી ઓછી છે, એને સારૂ પોષણ વાળુ ખવરાવો, સાહેબ કેમ કરૂ જમવામા બહુ જીદી છે, અમુક વસ્તુ જ ખાયછે. બહેન શાકમાર્કેટથી સીધા મારી પાસે હોસ્પીટલ આવ્યા હશે એવું લાગ્યુ, તેની પાસે થેલીમાં શાકભાજી હતા, તેમાં મને દ્રાક્ષ પણ દેખાણી, મે પુછ્યુ બેન અત્યારે શીયાળામાં દ્રાક્ષ કેમ લીધી ?, બેન મને કહે સાબ, અમન જામફળ લેવાની જીદ કરતો હતો, પણ એને શરદી બહુ રહે છે એટલે મે જામફળનો લઈ દીધા.

આ વાત બન્યા પછી મને આ લેખ લખવાનું યોગ્ય લાગ્યુ, બેને દ્રાક્ષ લીધા પછી હુ પણ શાકમાર્કેટ ગયો તો લગભગ દરેક ફ્રુટની લારી પર દ્રાક્ષ હતી. મીત્રો હવે બારેય માસ લગભગ બધા જ પ્રકારના શાકભાજી, ફ્રુટ અને ધાન્ય મળ્વા લાગ્યા છે, પરંતુ દરેક શાકભાજી અને દરેક ફ્રુટ દરેક ઋતુમાં આપણને સાત્મ્ય(શરીરને અનુકુળ) નથી હોતુ. જે ઋતુમાં જે વિશેષ શાકભાજી – ફળ, ધાન અને તે પણ આપણા વિસ્તારમાં થતુ હોય તેનું અને આપણી પ્રકુતી અને ઋતુ સાત્મ્યની લીધે આપણે ખાઇએ તો આપણને વિશેષ ફાયદાકારક થાય છે, અમનના મમ્મીએ તેને દ્રાક્ષને બદલે આ ઋતુમાં જો જામફળ લઈ આપ્યા હોત તો વધુ ફાયદાકારક થાત, આવું જ આશ્ર્વર્ય હમણા ભરવાડ(ગોપાલન) જ્ઞાતીના લોકો મારી પાસે પેટ(પાચનને લગતી), ડાયાબીટીઝ(ટાઇપ–૨) ની ફરીયાદ લઈને આવતા થયા ત્યારે થયુ એમાં પણ નંબરવાળા ચશ્મા પહેરેલ ભરવાડ જ્ઞાતી ના યુવકને જોઈ મને ખુબ આશ્ર્વર્ય થયુ, મે તેને પુછયુ કે શુ કામ કરે છે ? તો એનો જવાબ હતો કે ઢોર ચરાવવા જાવ છુ, ત્યારે મને વધુ નવાઇ લાગી કે જે આખો દીવસ ખુલ્લા – પ્રાકુતીક



**શ્રી ભાવેશ કે. મહેતા**

**અમરેલી**

વાતાવરણ માં શુધ્ધ હવા વચ્ચે રહે છે, શુધ્ધ અને પૌષ્ટીક(બાજરાનો રોટલો અને દુધ) ખાય છે તેને આવા પાચનને લગતા કે ડાયાબીટીઝ કે આંખના રોગો કેમ થવા માંડયા ? આ બાબતે ભરવાડ જ્ઞાતીના એક ખુબજ સન્માનીય આગેવાન સાથે ચર્ચા કરી તેમણે મને જે કહ્યુ તે ખરેખર વિચાર માંગી લે તેવુ છે, મને કહે સાબ પહેલા તો અમારા છોકરાવ ઢોર ચરાવવા જાતા તો એનીમાં એને રોટલા કરી દેતી સાથે થોડી ચાની ભુકી અને ખાંડ હોય, છોકરાવને ઢોર ચરાવતા ભુખ લાગે ત્યારે રોટલો અને દુધ ખાઈ લે, કયારેક વળી કયાંક તાપણું કરી ચા પી લેતા પણ હવે નવું શીખ્યા છે હવે રોટલા તો લઈ જાય છે પણ ભુખ લાગે તો ઓલા પડીકા (વેફર્સ,નમકીન) અને ગુટકા ખાવા માંડયા છે અને આખો દી ઢોર ચરાવવા માં ધ્યાન નથી હોતુ મોબાઈલમાં મંડાયેલા હોય છે સાબ પછી આવું જ થાય ને. આ વાત દરેક સમાજે સમજવાની જરૂર છે, આપણે ખાવાનું ખાતા નથી અને ન ખાવાનું ખાઈએ છીએ. આ જ્ઞાતીનું ઉદાહરણ એટલે લીધું કે ભરવાડ(ગોપાલન) સમાજ સૌથી વધારે પ્રાકુતીક જીવન જીવે છે છતા આવા રોગો આવવા લાગ્યા છે તો બીજા સમાજનું તો પુછવું જ શુ, આવુ જ મારી પાસે આવતા શીક્ષીત લોકોમાં પણ થાય છે મોટાભાગના લોકો પોતાના બાળકોને લઈને અમારી પાસે ભુખ લાગવાની, શક્તિની, વજન વધવાની, યાદ શક્તિ વધવાની દવા લખાવવા આવતા હોય છે, એક વાત આપણે બરાબર સમજી લેવાની જરૂર છે કે સીઝન મુજબના શાકભાજી–ફળ –ધાન્ય જેવું પોષણ આપણને કોઈ દવા ન આપી શકે. મીત્રો આ ઋતુમાં થતા વિશેષ શાકભાજી –ફ્રુટ–ધાનની થોડી ચર્ચા કરીએ.

**<u>લીલુ લસણ :</u>**– લીલુ લસણ ફક્ત શીયાળામાં જ મળે છે, જેના ફાયદા સામાન્ય લસણ કરતાં પણ વધુ છે, એ શરીરને સમગ્ર પણે વિષાણુંમુક્ત (ડિટોકિફિકેશન) કરવામાં મદદ કરે છે, અને પાચનને સશક્ત કરે છે. લીલા લસણમાં રહેલા એકિટવ કમ્પાઉન્ડ 'એલિસિન' એ કુદરતી એન્ટિબાયોટિક છે જેને લીધે ઈન્ફેકશનથી રક્ષણ મળે છે, આ ખાવાથી શરદી અને ફલુથી બચી શકાય છે.

**બાજરો :–** બાજરો એ એક એવું ધાન્ય છે જે શિયાળામાં ખાવુ જ જોઇએ, બાજરાનો રોટલો, ગોળ અને ઘી જેવો ઉતમ નાસ્તો કોઈ હોઇ ન શકે. બાજરાના લોટમાં લીલું લસણ નાખીને બનાવેલું ઢેબરૂં અને ઓળો જેણે ખાધો હોય એ જ સમજી શકે એનું સુખ, બાજરામાં ખુબ સારૂં પ્રોટીન રહેલું છે, જે પોષણ આપે છે અને શરીરને ગરમાટો પણ આપે છે. વળ ી તે ખાવાથી લાંબો સમય સુધી ભુખ લાગતી નથી, એમાં રહેલા જરૂરી 'એમીનો એસીડ' લોહીમાં બિનજરૂરી કોલેસ્ટ્રોલને દુર કરે છે. જો કે બાજરા સાથે ઘી ખાવુ જોઇએ. બાજરો અને ઘી તમને જાડા નથી બનાવતા પરંતુ, જરૂરી પોષણ અને શક્તિ આપે છે.

**આમળા :–** આમળા શિયાળામાં મળતુ એક એવું ફળ છે, જે અત્યંત ઉપયોગી છે. વિટામીનથી ભરપુર આમળા શીયાળામાં જયાસુધી મળે ત્યા સુધી રોજ નું એક તો ખાવુ જ જોઇએ. જેમને વાળ અકાળે ખરતા હોય – સફેદ થતા હોય તેના માટે આમળા અકસીર છે ચામડીના રોગો જેવા કે ખીલ, ડાઘ, કરચલી પડવીમાં ખુબ ઉપયોગી છે, એસીડીટી, ડાયાબીટીઝ, કોલેસ્ટ્રોલની અકસીર દવા છે, આમળા રસાયન ઔષધી તરીકે પણ ખુબ ઉપયોગી છે. **મુળો :** મુળો આમ તો બારેમાસ હવે મળે છે, પરંતુ ખરેખર એ શિયાળ ામાં મળતુ કંદમુળ છે, એમાં ઘણા 'ડાયટરી ફાઈબર્સ' રહેલા છે જેને કારણે પાચન સંબંધિત તકલીફો દુર થાય છે, શિયાળામાં કફ અને શરદીની જે તકલીફ રહે છે અને ખાસ કરીને કફ અંદર જામી જાય છે, એને દુર કરવાની તાકત મુળામાં રહેલી છે, આ સિવાય એમાં 'ઝિંક' અને 'ફોસફરસ' રહેલા છે જેને કારણે સુકી ત્વચા, ખીલ, લાલ ચાંઠા જેવી સમસ્યાઓ પણ દુર થઈ શકે છે. આવતા સપ્તાહે થોડા વધુ શીયાળ ાના ખોરાક વિશે ચર્ચા કરીશુ.

**મર્મ બિંદુ:**– આરોગ્ય માટે કેવળ ઉચિત જ નહીં, પણ નરવી જમીનમાં પેદા થયેલો ખોરાક જરૂરી હોય છે.**ક્રમશ:.....અસ્તુ..**

# કોડિયું

દિવાળી પૂર્વસંધ્યાયે હરજી કુંભાર પોતાના કલાત્મક કોડિયાંનો સુંડલો ઉપાડીને ઉદાસ હૃદયે સેન્ટ્રલ મોલની સામેની ફૂટપાથ પરથી ઉભો થયો. હરજી કુંભાર પોતાનાં ગામ લીમડીનો ખૂબ કાબિલ અને હોશિયાર કુંભાર. હરજીના કોડિયાં, દીવડા અને માટીના બનાવેલા કલાત્મક વાસણો તો ગામે ગામ વખણાય. હરજી કુંભાર ચાકડા પર માટી નહીં, પરંતુ પોતાના હૃદયની લાગણીઓને ચડાવતો. અને ખૂબ માવજતથી પોતાની લાગણી અને કોડિયાંને અલગ અનોખા આકાર આપતો. કોડિયાંને આકાર સાથે રંગબેરંગી રંગથી મઠારીને કોડિયાંમાં અલગ જ પ્રાણ પૂરતો. ગામે ગામના લોકો હરજીના કલાત્મક કોડિયાં અને માટીની વસ્તુઓ લેવા તેના ગામ લીમડીએ આવતા. એક વખત હરજી કુંભારની વહુ રૂપલી કુંભારણે હરજીને કહ્યું કે", તમારી આ કોડિયાં બનાવવાની કલા અહીં ગામડામાં તો ગામે ગામ વખણાય છે. તો ચાલોને તમારી આ કળાનાં જોરે નસીબ આજમવા આપણે શહેરમાં જઈને. હરજીને પણ પોતાની વહુ રૂપલીની વાત સાચી લાગી. તેણે તો અઠવાડિયામાં જ તે અમદાવાદ જવાના નિર્ણય લઈ લીધો. હરજીકુંભાર અને રૂપલી કુંભારણ પોતાના ભવિષ્યનાં સોહમણાં સ્વપ્ન આંખમાં આંજીને અમદાવાદ ભણી નીકળ ી ગયા.

હરજી કુંભારને અમદાવાદ આવે ત્રણ મહિનાના નીકળી ગયા. પણ ધંધામાં કંઈ ગોઠતું નહીં. હરજી કુંભાર અમદાવાદના સેન્ટ્રલ મોલ સામેની ફૂટપાથ પર પોતાના કલાત્મક કોડિયાં અને માટીનાં હાથ બનાવટની વસ્તુઓ લઈને બેસતો. પરંતુ શહેરનાં આધુનિક માણસ કયાં હરજીની કળાને સમજી અને સ્વીકારી શકવાનાં હતા.! ત્રણ મહિના ઉપરનું ટાણું થઈ ગયું હતું એટલે હવે હરજીની રહી સહી બચત પર રામરામ કેહવાના આરે હતી. હરજી રોજ સાંજે થાકયો પાકયો ઘરે આવે અને રૂપલીનાં પ્રશ્નનો મારો શરૂ થાય. 'આજે કેટલા કોડિયા વહેંચાણા ? આજે કેટલા માટલા અને કેટલી તાવડી અને કેટલા ગલ્લા વહેંચાણા ? 'અને હરજી પાસે તેને દેવા જવાબ કે પૈસા કશુંજ ગીનજામાં નાં હોય તેં ખિન્ન હદયે પથારીમાં પડયો પડયો આવતી કાલનાં વિચારો કર્યા કરતો. રોજ વેપલોનાં થતાં હવે હરજી હિમ્મત હારી ગયો. દિવાળીનાં પરબનાં દહડા માથે રૂમઝૂમ કરતા આવતા હતા. દિવાળીનાં નવલા દાહડામાં છોકરાઓને કપડાં કે મીઠાઈ માટે પૈસા કયાંથી લાવવા તેં વિચાર પણ હરજીનાં મનમાં શૂળની માફક ભોકતો હતો. હરજી વિચારો હતો કે, દિવાળીની અમાવસ કયાંક પોતાના ભવિષ્યને અંધકાર ભણીનાં દોરી

## વિસામો



**વૃંદા ચિંતન મહેતા**

**રાજુલા**

જાય.

દિવાળીના પરબ નજીક આવતા ઉદાસ હદય અને મનમાં ફરી પોતાનાં ધંધોને લીલોછમ કરવાનો વિચાર ઉગ્યો. હરજીપોતાના ચકડે ફરી સુંદર કોડિયાં કલાત્મક ઢબે બનાવ્યા, અને તેનાં પર પોતાની લાગણીના રંગો ભર્યા. આ કલાત્મક કોડિયાઓનો સુંડલો ભરીને હરજી અમદાવાદના સેન્ટ્રલ મોલની બહારની ફૂટપાથ દિવાળ ીના ટાણે આશાભર્યા મને બેસ્યો. સેન્ટ્રલ મોલને સુંદર અલગ અલગ જાતની રોશનીથી સુશોભિત કરવામાં આવ્યો હતો. અલગ અલગ જાતની લાઈટો, અલગ જાતના ફુમકાઓ, સુશોભનની વસ્તુઓથી મોલને સુંદર શણગારવામાં આવ્યો હતો. રોશનીથી આ મોલ વધુ સુંદર લાગી રહ્યો હતો. દિવાળીના તે દિવસે તો સેન્ટ્રલ મોલને કોઈ નવોઢાની જેમ શણગાર્યો હતો. અલગ અલગ કલરની લાઈટોથી સેન્ટ્રલ–મોલ ઝગમગી રહ્યો હતો. સેન્ટ્રલ મોલમાં આવનાર સૌ કોઈ પોતપોતાને ગમે તેવા સુંદર જાતના અલગ અલગ કલાત્મક કોડિયાંઓ ખરીદીને ચાલ્યા જતા હતા. પરંતુ કોઈ હરજીના કલાત્મક કોડિયાં તરફ ધ્યાન પણ ન આપતું. હરજી ખૂબ ખિન્ન હદયથી આ દ્રશ્ય પોતાની આંખમાં ભરી રહ્યો હતો. અને અંતે હરજી પોતાના ક્લાત્મક કોડિયાંને સુંડલામાં લઈને પોતાના ઘર તરફ જવા ઉભો થઈ રહ્યો હતો.

હરજી ઉભો જ થતો હતો, ત્યાં જ એક નાનાં છોકરોનો અવાજ તેના કાનમાં પડયો. ' અંકલ આ કોડિયાં કેટલા રૂપિયાનાં છે ? હરજી બોલ્યો :– દસ રૂપિયાના પાંચ કોડિયાં બેટા ! પેલો છોકરો બોલ્યો :– તો કાકા મને આખો સુંડલો ભરીને અને તમારા કલાત્મક કોડિયાંઓ આપી દો ને ! હરજીની આંખમા એક આશાનો ચમકારો થયો. પેલા છોકરાની માં કહ્યું કે :–બેટા આપણે મોલમાંથી સુંદર દીવડાઓ લઈ લીધા છે, હવે આ કોડિયાંની કશી જરૂર નથી ! ત્યારે પેલા નાના છોકરાએ પોતાની માંને સમજાવતા કહ્યું કે :– ' મમ્મી આપણે આ દીવડાઓ મોલમાં પાછા આપી આવીશું ! મોલમાંથી તો બધા જ કોડિયાં લેશે, પરંતુ આપણે આવા મહેનતું લોકોને કમાણી કરાવીને તેમની દિવાળીમાં પણ આનંદનાં રંગ પુરવા જોઈએ'. છોકરો :– મમ્મી આ કોડિયાં વેહચીને આ જાત મહેનતુ લોકો પોતાના ઘરનાં લોકોનાં ચેહેરા પર મુસ્કાન લાવે છે ! તો આપણે આટલા કોડિયા ખરીદીને તેમના પરિવારની ખુશીમાં આનંદનો રંગ તો પૂરવો જ જોઈએ. પેલા છોકરાનાં મમ્મી હરજીની સામું જોતા બોલ્યા '

ભાઈજી.! આ સુંડલાનાં બધા જ કોડિયાં અમને પેક કરી આપો ! આ.. લ્યો... તમારા કોડિયાનાં પૈસા અને આ માંથી જે પૈસા વધે તેમાંથી તમારા બાળકો અને પત્ની માટે મીઠાઈ અને કપડાં લઈ આવજો.! હરજી પેલા છોકરા અને તેની માંને કોડિયા આપીને, પોતાના ઘર તરફ દિવાળી ઉજળ ી ઉજવળી કરવા મોટા ડગલે નીકળી પડયો.

હરજીએ કોડિયાં વેહચીને મળેલા પૈસામાંથી છોકરાઓ માટે કપડાં, મીઠાઈ અને ફટાકડા ખરીદયા. રૂપલી માટે સતરા ભરેલી લાલ રંગથી ચટકતી ઓઢણી લીધી. અને લાલ–લીલી બંગડી અને હિરે જડેલો હાર અને, સિંદૂર લઈને માટા ડગલાં ભરતો હરજી પોતાની ખોલી જેવા નાનકડા ઘરમાં પ્રવેશ્યો. છોકરાઓ અને રૂપલી હરજીનાં હાથમાં રહેલી મીઠાઈ, કપડાં, અને ફટાકડાની થેલીઓ જોઈને હરખઘેલા થઈ હરજીને ચોટી ગયા. હરજીએ લાવેલી વસ્તુ છોકરાઓ અને રૂપલીને આપી. બધાં ખૂબ ખુશ થઈને પોતપોતાની વસ્તુઓ હરખભેર ઉઘાડીને જોવો લાગ્યા.

તેમની આંખોમાં ખુશીયોની ચમક જોઈને હરજીનાં હૈયે ટાઢક વળી. સંતોષ અને નિરાંતની કોઈ ટાઢી વાયરી હરજીનાં શરીરને સ્પર્શીને તેને ટાઢોબોળ કરી ગઈ. આજે હરજી અને તેની વહુ રૂપલી કુંભારણએ પોતાના બન્ને પોતાના કોડિયાં હર્ષનું ઘી પૂરીને આનંદની દીવાળી ઉજવી.

### ખાંભા પંથકનાં નાગરિકો પરેશાન

# રૂગનાથપુર ખોડીથી મોટા સમઢીયાળા માર્ગ અતિ બિસ્માર હાલતમાં

## માર્ગ–મકાન વિભાગ દ્વારા મરામત જરૂરી બની



સાવરકુંડલા, તા. ૯

ખાંભા તાલુકાના રૂગનાથપુર ખોડીથી મોટા સમઢીયાળા રસ્તો અતિ ખરાબ હાલતમાં થઈ ગયેલ છે હાલ નકરા રોડ ઉપર કાંકરા જોવા મળે છે સ્થાનિક રહીશો પણ ત્રાહિમામ પોકારી ઊઠે છે નાના વાહનો તેમજ પશુપાલકો તેમજ ખેડૂતો વધારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે આ રસ્તો સાવરકુંડલા તેમજ ખાંભાને જોડતો માર્ગ વાહન ચાલકો વધારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે અવારનવાર આ રસ્તા ઉપર ટુ–વ્હીલર ચાલકો અકસ્માતનો ભોગ બનતા હોય છે તો તાત્કાલિક અસરથી આ રસ્તાને બંને સાઈડ કોન્ક્રીટ પાથરવામાં આવેલ છે ઘણા લાંબા સમયથી પરંતુ ડામર વર્ક ઘણા લાંબા સમયથી થયેલ નથી જેથી વાહન ચાલકો પારાવર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. એમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

### રાજકીય અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં

# અમરેલી ખાતે ભાઈબીજનાં પવિત્ર દિને ભાજપ કાર્યકર્તાનાં આંગણે રામાપીરનું આખ્યાન યોજાયુ

## વાઘણિયા ગામનાં રામા મંડળે જમાવટ કરી



અમરેલી, તા. ૯

ભાઈબીજના પવિત્ર પ્રસંગે અમરેલીનાં લાઠી રોડ પર આવેલ "એન્જલ રેસીડેન્સી" ખાતે ભાજપનાં બુથના યુવા કાર્યકર હિતેશ (ભગત) લાલજીભાઈ તળાવીયાના નિવાસસ્થાને ગૌશાળાના લાભાર્થે રામાપીરના આખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું અત્રે ગૌસેવક જસાભગતનું સામૈયુ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અમરેલીના યુવા ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી ધારાસભ્ય જનક તળાવી, જિલ્લા ભાજપના કોષાધ્યક્ષ દિપકભાઈ વઘાસીયા, વોર્ડ પ્રમુખ મુકુંદભાઈ મહેતા, કિસાન મોરચાના કેતન ઢાંકેચા તથા વિપુલ ભટ્ટી સહિતના આગેવાનો મહેમાનો ઉપસ્થિત રહયા હતા, અત્રે અનેક લોકોએ વાઘણિયાનું રામ મંડળ નિહાળવાનો લ્હાવો લીધો હતો.

# લીલીયામોટા પીઆઈ આઈ.જે. ગીડા દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ



લીલીયા મોટા, તા. ૯

લીલીયા મોટા પોલીસ સ્ટેશનના પી.આઈ આઈ.જે.ગીડા દ્વારા આગામી તહેવારોને અનુલક્ષીને રેન્જ આઈ.જી ગેતમ પરમાર, તથા એસ.પી.હીમકરસિંહ તથા વિભાગ પોલીસ અધિકારી ચિરાગ દેસાઈની સૂચના તથા માર્ગદર્શન મુજબ હાલના સમયમાં ચાલી રહેલા તહેવારોને અનુસંધાને તથા વેકેશન દરમિયાન વધતી ટ્રાફિક સમસ્યા તથા અકસ્માતના નિવારણ માટે લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે.ગીડા દ્વારા લીલીયા વિસ્તારમાં ટ્રાફિક નિયમની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી જે કામગીરી દરમિયાન અને વાહન ચેકિંગ તથા ટ્રાફિક ના નિયમો અંગે કામગીરી કરવામાં આવેલ હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### આજે અરજી કરવાનો છેલ્લો દિવસ

# અમરેલી જીલ્લાનાં યુવાનોને પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજનાનો લાભ મળી શકશે

## વધુ વિગત માટે રોજગાર કચેરીનો સંપર્ક કરો

અમરેલી, તા. ૯

દેશની ટોચની ૫૦૦ કંપનીઓમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજના અમલી છે. આ યોજના અંતર્ગત ધો.૧૦, ધો.૧૨, આઈ.ટીઆઈ. ડિપ્લોમા તથા ગ્રેજયુએટની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૨૧–૨૪ વર્ષની વય ધરાવતા, ફૂલટાઈમ નોકરી કે અભ્યાસ કરતા હોય તેવા રોજગાર ઈચ્છુક ઉમેદવારોને ૧૨ માસ માટે દેશની ટોચની ૫૦૦ કંપનીમાં વિનામૂલ્યે ઈન્ટર્નશીપનો લાભ મળી શકે છે.

આ યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તેવા રોજગાર વાંચ્છુ ઉમેદવારોએ તા.૧૦ નવેમ્બર, ૨૦૨૪ સુધીમા www. pminternship. mca.gov.in પર ઓનલાઈન અરજી કરી રજિસ્ટ્રેશન કરાવવું. રજિસ્ટ્રેશન માટે ઉમેદવારોએ પોર્ટલ પર પોતાની પ્રોફાઈલ બનાવી તેમાં અરજી કરવી. આધાર નંબર સાથે લીંક ધરાવતા મોબાઈલ નંબર, આધાર નંબર સાથે સીડ કરાવેલા એકાઉન્ટની વિગતો આ અરજીમાં જોડવાની રહેશે. અરજી કરતા સમયે આધાર કાર્ડ અને શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો સાથે રાખવા.

મહત્વનું છે કે, યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક ઉમેદવારના પરિવારની કોઈ પણ વ્યક્તિ સરકારી નોકરી કરતા ન હોવા જોઈએ તેમજ પરિવારની વાર્ષિક આવક મર્યાદા ૦૮ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ. આ યોજનામાં પસંદ થતા ઉમેદવારોને ૧૨ મહિના સુધી અગ્રણી કંપનીઓમાં ઈન્ટર્નશીપ કરવાની તક મળે છે. ઈન્ટર્નને, કેન્દ્ર સરકાર દ્વારા માસિક રૂ.૪૫૦૦ અને કંપની દ્વારા રૂ.૫૦૦ની રકમ ચૂકવવામાં આવશે. એક વખત માટે રૂ.૬૦૦૦નું આકસ્મિક અનુદાન કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે. દરેક ઈન્ટર્ન માટે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષાવીમા હેઠળ વીમા કવચ આપવામાં આવે છે. વધુ વિગતો માટે અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, રાજમહેલ કમ્પાઉન્ડનો રૂબરૂ અથવા ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ઋગ્વેદ અનુસાર ખેતરમાં ઉગતા અનાજમાં કોનો કેટલો હિસ્સો



અમરેલી, તા. ૯

ભારત દેશમાં પશુ, પક્ષી, પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી મમાતા માટે ગરૂડ, જગદંબાું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ્મી માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ધુમાવતી માટે કાગડો અને બહુચર માતા માટે મગર છે. રામ ભગવાન પણ પશુ–પક્ષીઓને ખુબ આદર આપતા હતા. ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ પશુ, પક્ષીઓને અનેરૂ સ્થાન આપવામાં આવ્યું છે. ભારતનાં પ્રાચીન વેદ ઋગ્વેદમાં જમીનમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ છે તે દર્શાવ્યું છે. ઋગ્વેદમાં કહેવાયું છે કે તૈયાર અનાજ નીચેનો ભાગ ભૂમિ માટે, અનાજ લણ્યા પછીનો ભાગ પશુ માટે, તૈયાર અનાજ પહેલી દુંડી અગ્નિ માટે, પહેલી એક મુઠી પંખીઓ માટે, અનાજ દળાવ્યા પછીનો એક મુઠી લોટ કીડીઓ માટે, પહેલી રોટલી ગાય માટે, પહેલી થાળી વડીલો માટે, પછીની થાળી પોતાના માટે અને છેલ્લી રોટલી કુતરા માટે રાખવી જોઈએ.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં આસમાને પહોંચતા**

સતત વરસાદ તથા જરૂરિયાત કરતાં વધુ વરસાદના કારણે ખેતીપાકને ભારે નુકશાન થવા પામેલ છે.

સામાન્ય રીતે શિયાળાની શરૂઆત અને દિવાળી પછી શાકભાજીની આવકમાં વધારો જોવા મળતો હોય જેને લઈ શાકભાજી સસ્તા થતાં જોવા મળતા હોય છે. પરંતુ ચાલું વર્ષે શિયાળો શરૂ થવામાં છે તેમ છતાં પણ શાકભાજીની આવકમાં વધારો નહીં થતાં શાકભાજીના ભાવમાં ઘટાડો જોવા નહીં મળતાં લોકોને શાકભાજી ખરીદવામાં મોંઘવારીનો અનુભવ થઈ જાય છે.

અમરેલી શાકમાર્કેટમાં રીંગણાંનો ભાવ એક કિલ્લાના રૂપિયા ૧૦૦, ગુવારના એક કિલ્લોના રૂપિયા ૧૨૦થી પણ વધુ છે. જયારે તુરીયા એક કિલ્લોના રૂપિયા ૮૦, સુરણના રૂપિયા ૮૦ જોવા મળે છે. આ ઉપરાંત ટામેટાના રૂપિયા ૮૦, કોબી રૂપિયા ૬૦, ભીંડો રૂપિયા ૮૦, લીલા મરચા ૧૦૦, જયારે ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવ પણ રૂપિયા ૮૦ સુધીના ભાવ જોવા મળે છે.

આમ અન્ય જીવન જરૂરિયાત ચીજવસ્તુંઓના ભાવની સાથે શાકભાજી પણ મોંઘા રહેતા ગૃહિણીના રસોડાના બજેટ ખોરવાય જતાં કમાનાર વ્યકિતના ખિસ્સામાં મોંઘવારીનો ભાર સહન કરવાનો વખત આવ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું **ઓકસફર્ડ સ્કૂલ અમરેલી ખાતે**

વ્યકિતઓ દ્વારા તૈયારી થઈ રહી છે. અમરેલીમાં ગુજરાત ગણિત મંડળ ના આયોજનમાં ગુજરાતભરના ગણિત તજજ્ઞ પધારી રસપ્રદ લોકભોગ્ય શૈલીમાં ગણિતની અવનવી બાબતો, સંશોધનો, વ્યવહારિક પ્રયોજન તથા ગણિત શિક્ષણ અંગે ઓડિયો વિઝ્યુઅલ દ્વારા રજૂઆત કરશે.

અમરેલી જીલ્લાના ગણિત, વિજ્ઞાનના વર્તમાન તેમજ નિવૃત્ત શિક્ષકો, પ્રાધ્યાપકો, વેપારીગણ, અધિકારીગણ, વ્યવસાયિકો, ડોકટર્સ, એન્જિનિયર્સ ઉપરાંત ગણિતમાં રસ ધરાવનારી કોઈપણ વ્યકિતને હૃદયપૂર્વક આમંત્રણ છે કે આ ગણિત મહાકુંભમાં સહભાગી થાય. અમરેલીને આંગણે ગણિત ગંગા વહેવાની છે ત્યારે આ અવસરનો ઉત્સાહથી અવશ્ય લાભ લેવા જાહેર આગ્રહ ભર્યુ નિમંત્રણ છે.


તારીખ ૧૦/૧૧/૨૪થી ૧૨/૧૧/૨૪, અધિવેશનનું સ્થળ ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ પરિસર, કેરિયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં, અમરેલી.

અમરેલી આયોજન કમિટી : એચ.એલ. પટેલ, સૂર્યકાંત પાઠક, રમણલાલ વિસાવાળીયા, મયૂરભાઈ ગજેરા, આર.કે. માલનીયા, પંકજભાઈ રાજયગુરૂ, દ્વારકાદાસભાઈ લલાડીયા, ડો. ગોપાલભાઈ રાઠોડ, નિલેષભાઈ ચાંપાનેરી, નવરોઝ ગાંગાની, નિલેશભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા.

### તા. ૧૬મીથી ૧૮ નવેમ્બર સવાર સુધી

# મધ્યરાત્રિ બાદ આકાશમાં લીઓનીડસ ઉલ્કા વર્ષાનો અદ્દભુત નજારો જોવા મળશે

## વિશ્વમાં આજથી ૩૦ નવેમ્બર સુધી સ્પષ્ટ ઉલ્કાવર્ષાનો અદ્દભુત નજારો



અમદાવાદ, તા. ૯

દુનિયાભરના લોકોએ ઓકટોબરમાં ડેક્રોનીકસ અને ઓરીયોનીડસ ઉલ્કાવર્ષાની આતશબાજી તથા તા. ૧/૨ નવેમ્બરે ટોરીડસ ઉલ્કા વર્ષા નિહાળી હતી. બીજા તબક્કામાં વિશ્વના લોકો મધ્યરાત્રિ બાદથી ૩૦ નવેમ્બર દરમ્યાન લીઓનીડસ ઉલ્કાવર્ષાનો સ્પષ્ટ અવકાશી નજારો નિહાળવા થનગની રહ્યાં છે. તા. ૧૬ થી તા. ૧૮ મી નવેમ્બર વહેલી પરોઢ સુધીમાં ઉલ્કાવર્ષા મહત્તમ જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખી તૈયારી આરંભી દીધી છે. ત્યારે રાજયના વિજ્ઞાન પ્રેમીઓને અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્ભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન કર્યું છે.

'જાથા' ના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે નવેમ્બરના પ્રારંભથી તા. ૩૦ દરમ્યાન સિંહ રાશિની લીઓનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્ભૂત જોવા મળે છે. દેશ–વિદેશમાં કલાકથી ૧૦ થી ૧૫ અને વધુમાં વધુ ૧૦૦ (એકસો) ઉલ્કા વર્ષા અવકાશમાં જોવા મળે છે. ત્રણ દિવસ અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળશે. સિંહની ઉલ્કાવર્ષાને ધૂમકેતુ ટેમ્પલ સાથે જોડવામાં આવે છે. ઉલ્કાઓનું કેન્દ્રબિંદુ સિંહરાશિમાં હોવાથી તેને સિંહની ઉલ્કાવર્ષા કહેવામાં આવે છે. ઉત્તરીય અને દક્ષિણ ગોળાર્ધ બંનેમાં દ્રશ્યમાન જોવા મળશે.

વધુમાં પંડયા જણાવે છે કે લીઓનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તારીખ ૧૬/૧૭/૧૮ નવેમ્બર મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢ સુધી અવકાશમાં જોવા મળશે. ખગોળ પ્રેમીઓ ત્રણ દિવસ રાત્રિના ઉલ્કાવર્ષા જોઈ શકશે. આ અદ્દભુત જોવાનો લ્હાવો છે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૧૫ વખત ઉલ્કાવર્ષા અવકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસજીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસજીત પદાથોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસજીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

જાથાના પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર–પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળ રસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦ નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે.

જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ સૂર્ય પ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. લીઓનીડસ ઉલ્કાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે.

જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ–ભુજ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, ગાંધીધામ, માંડવી, અંજાર, મોરબી, પાવાગઢ, ગોધરા વિગેરે નાના–મોટા નગરોમાં એક કે બે દિવસીય મધ્યરાત્રિ–પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી છે.

લીઓનીડસ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, રાજુ યાદવ, દિનેશ હુંબલ, હરેશ ભટ્ટ, નિર્ભય જોશી, પ્રકાશ મનસુખભાઈ, રવિ પરબતાણી, નિર્મળ મેત્રા, ભોજાભાઈ ટોયટા, હર્ષાબેન પંડયા એડવોકેટ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલ સહિત અનેક સદસ્યો આ અભિયાનમાં જોડાયા છે. રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ : ૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરા : માર્કેટયાર્ડમાં**

હતી.

બાબરા યાર્ડમાં સાતથી આઠ હજાર મણ મગફળીની આવક જોવા મળી હતી અને ભાવ પણ સરેરાશ રૂા. ૧૧૦૦ થી ૧૨૪૫ સુધી રહેતા ખેડૂતોમાં રાહત જોવા મળી હતી. યાર્ડના સેક્રેટરી અજયભાઈ પંડયાએ જણાવ્યું હતું દિવાળી બાદ યાર્ડમાં રજા ખુલતા ખેડૂતો બાબરા તેમજ ગઢડા વિસ્તારમાંથી મગફળી લઈ વેચાણ અર્થે અહીં આવે છે અને બે–ચાર દિવસથી સરેરાશ આઠ હજાર મણની આસપાસ આવક જોવા મળી રહી છે.

ખેડૂત અગ્રણી દિનેશભાઈ પોંકિયાએ જણાવ્યું હતું કે, બાબરા તાલુકામાં મગફળીનું વાવેતર ખુબજ મોટા પ્રમાણમાં કરવામાં આવ્યું છે જેના કારણે ઉત્પાદન વધુ જોવા મળ્યું છે. અહીં કમોસમી વરસાદના કારણે ખાસ મગફળીને નુકસાન નથી થયું હા અમુક વિસ્તારમાં થયું છે પણ પશુ ઘાસચારાને ચોક્કસ નુકસાન થયું છે.

હાલ મગફળી યાર્ડમાં ૧૨૪૫ સુધી ખેડૂતોની વેચાય રહી છે પણ રાજય સરકાર દ્વારા ૧૩૫૬નો ભાવ ટેકાનો જાહેર કર્યો છે પણ ખરીદી હજુ શરૂ નથી કરી. ત્યારે રાજય સરકાર ત્વરિત મગફળીની ટેકાના ભાવે ખરીદી કરે તો ખેડૂતોને વધુ આર્થિક લાભ મળી શકે. બીજું કે રાજય સરકાર લગભગ એક ખેડૂત દીઠ સવા સો મણ મગફળીની ખરીદી કરે છે તેમાં વધારો કરી ૨૫૦ મણ સુધી ખેડૂત દીઠ મગફળીની ટેકા ના ભાવે રાજય સરકાર ખરીદી કરે તો ખેડૂતોને સંતોષજનક ભાવ મળ્યા ગણાય. તેવું અંતમાં ખેડૂત અગ્રણી દિનેશભાઈ પોંકિયાએ જણાવ્યું હતું.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૯ | ૧૬૧૧ |
| ૨ | કપાસ કોડીવાળો | ૧૧૩૦ | ૧૩૧૦ |
| ૩ | મગફળી | ૧૦૭૮ | ૧૨૪૨ |
| ૪ | જીરૂ | ૩૯૮૩ | ૪૭૪૭ |
| ૫ | સોયાબીન | ૭૬૯ | ૮૨૧ |
| ૬ | તલ કાળા | ૩૦૫૦ | ૩૬૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૪૫ | ૧૧૫૦ |
| ૨ | શિંગ મોટી | ૭૪૦ | ૧૨૬૨ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૫૦ | ૧૧૪૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૯૫ | ૨૫૩૬ |
| ૫ | તલ કાળા | ૨૯૦૧ | ૪૦૭૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૯૨ | ૩૨૯૨ |
| ૭ | બાજરો | ૫૧૩ | ૫૧૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૭૧ |
| ૯ | ઘઉં લોકવન | ૫૧૬ | ૬૫૧ |
| ૧૦ | મકાઈ | ૪૦૦ | ૬૦૨ |
| ૧૧ | મગ | ૮૫૦ | ૧૫૬૦ |
| ૧૨ | અડદ | ૧૦૨૦ | ૧૪૩૦ |
| ૧૩ | ચણા | ૯૩૦ | ૧૪૧૦ |
| ૧૪ | કપાસ | ૭૫૦ | ૧૬૦૮ |
| ૧૫ | એરંડા | ૧૨૦૪ | ૧૨૨૯ |
| ૧૬ | જીરૂ | ૨૫૧૦ | ૪૫૧૦ |
| ૧૭ | ધાણા | ૧૨૪૦ | ૧૩૧૬ |
| ૧૮ | સોયાબીન | ૬૦૦ | ૮૬૭ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૦૬૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૩૧ |
| ૩ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૪૦ |
| ૪ | જીરૂ | ૪૧૦૦ | ૪૬૨૬ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૬૦૩ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૬૫૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૫૯ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૫૮૦ |
| ૯ | જુવાર | ૪૯૦ | ૭૭૦ |
| ૧૦ | મકાઈ | ૫૬૧ | – |
| ૧૧ | મગ | ૧૦૦૦ | – |
| ૧૨ | અડદ | ૮૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૪૮૦ |
| ૧૪ | મેથી | ૧૧૩૬ | – |
| ૧૫ | તુવેર | ૧૭૦૦ | – |
| ૧૬ | સોયાબીન | ૭૨૧ | ૮૬૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૬૩ |
| ૨ | મગફળી | ૮૫૧ | ૧૦૭૩ |
| ૩ | ઘઉં | ૫૮૧ | ૫૮૧ |
| ૪ | ચણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૫ | ધાણા | ૮૦૦ | ૧૨૪૫ |
| ૬ | સોયાબીન | ૬૬૦ | ૮૦૧ |
| ૭ | મકાઈ | ૫૩૫ | ૫૩૫ |
| ૮ | અડદ | ૧૬૧૫ | ૧૬૧૫ |
| ૯ | એરંડા | ૧૧૪૧ | ૧૧૪૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૪૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૨ | ૬૨૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૮૨ |
| ૪ | અડદ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૫ | સોયાબીન | ૫૫૪ | ૮૧૦ |
| ૬ | ચણા સફેદ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૭ | મગફળી | ૭૨૪ | ૮૭૨ |
| ૮ | મગ | ૮૦૦ | ૮૯૦ |
| ૯ | એરંડી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૧૦ | ચણા | ૭૦૫ | ૧૩૨૫ |
| ૧૧ | જુવાર | ૫૫૦ | ૫૫૦ |
| ૧૨ | શીંગદાણા | ૯૦૦ | ૧૦૬૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૫૫૪ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૯૯ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૦ |
| ૩ | કપાસ | ૧૩૫૦ | ૧૫૬૦ |
| ૪ | બાજરો | ૫૨૦ | ૭૬૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૭૧ |
| ૬ | જુવાર | ૪૮૫ | ૮૧૬ |
| ૭ | અડદ | ૧૦૦૦ | ૧૯૨૬ |
| ૮ | ચણા | ૧૧૫૨ | ૧૩૦૧ |
| ૯ | જીરૂ | ૪૩૦૦ | ૪૫૦૦ |
| ૧૦ | સોયાબીન | ૮૦૦ | ૮૧૦ |

### વડાપ્રધાને મહારાષ્ટ્રના નાંદેડમાં ચૂંટણી રેલીને સંબોધી

# દેશમાં ઓબીસી પ્રધાનમંત્રી છે તે કોંગ્રેસને હજમ નથી થતું : મોદી

**મહારાષ્ટ્રમાં વડાપ્રધાન મોદીએ આપ્યો એક રહેંગે તો સેફ રહેંગેનો નારો, કોંગ્રેસ લોકોને જાતિઓમાં વહેંચવા માગે છે : મોદીએ કોંગ્રેસ પર કર્યા પ્રહાર**

મુંબઈ, તા.૯

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને ધ્યાને રાખતા હાલના દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક બાદ એક ચૂંટણી રેલીઓ કરી રહ્યા છે.

શનિવારે (૯ નવેમ્બર) મહારાષ્ટ્રના નાંદેડમાં ચૂંટણી રેલીને સંબોધી હતી, આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર ભારે પ્રહાર કર્યા હતા. આ દરમિયાન તેમણે 'એક રહેંગે તો સેફ રહેંગે'નો નારો વારંવાર દોહરાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ દેશમાં લોકોને જાતિઓમાં વહેંચવા માગે છે. એટલા માટે આપણે એક રહીશું તો સેફ રહીશું.'

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, છેલ્લા કેટલાક દાયકાથી કોંગ્રેસનો જનાધાર સતત ઓછો થઈ રહ્યો છે. સૌથી મોટું કારણ છે કે સમાજની એકતા. પરંતુ કોંગ્રેસ એસસી, એસટી અને ઓબીસીને અલગ અલગ જાતિઓમાં વહેંચવા માગે છે. જ્યાં સુધી અલગ અલગ જાતિઓમાં વહેંચાયેલા રહ્યા ત્યાં સુધી કોંગ્રેસ મજબૂત રહી અને કેન્દ્રમાં સરકાર બનાવતી રહી. આ જ કોંગ્રેસની રાજનીતિ છે.

ઓબીસી અંગે વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસ ઈચ્છે છે કે ઓબીસી જાતિઓ એકબીજા સાથે લડતી રહે. કોંગ્રેસને એ હજમ નથી થતું કે છેલ્લા ૧૦ વર્ષોથી દેશમાં એક ઓબીસી પ્રધાનમંત્રી છે. તે સૌને સાથે લઈને ચાલી રહ્યાં છે. એટલા માટે તેઓ ઓબીસીની ઓળખ ખતમ કરીને અલગ અલગ જાતિઓમાં વહેંચવાનો ખેલ ખેલી રહી છે.

કોંગ્રેસ મોટા સમૂહ વાળા ઓબીસીથી કોઈની ઓળખ છીનવીને તેને નાના નાના સમૂહો વાળી અલગ અલગ જાતિઓમાં વહેંચી દેવા માંગે છે. કોંગ્રેસે ઓબીસીને નાના નાના સમહૂમાં તોડીને એકબીજા સાથે લડાવવીને તમારાથી મોટા સમૂહવાળી તેની જે ઓળખ બની છે, તાકાત ઉભી થઈ છે. તેને બરબાદ કરવા માગે છે, છીનવવા માગે છે, તોડવા માગે છે. તમે યાદ રાખજો તમે અલગ અલગ જાતિમાં વહેંચાશો તો તમારી સંખ્યા ઓછી થશે. કોંગ્રેસ વાળા તમારું અનામત છીનવશે. એ જ પ્રયાસ નહેરુજીથી લઈને રાજીવ ગાંધી સુધી સૌએ કર્યા હતી. એ જ કામ એ જ ચાલબાજી કરીને કોંગ્રેસના શહેજાદે દેશની જનતાની આંખોમાં ધૂળ નાખી રહ્યા છે. હું દેશ વાસીઓને કહું છું કે સમાજને તોડનારી એક રહેંગે તો સેફ રરહેંગે. આ નારો તેમણે વારંવાર દહોરાવ્યો હતો.

તો આજે મહારાષ્ટ્રના અકોલામાં પણ વડાપ્રધાન મોદીએ રેલી યોજી હતી. આ દરમિયાન તેમણે લોકોને એકતાની અપીલ કરી હતી. વડાપ્રધાન મોદીએ કોંગ્રેસની કથિત વિભાજનકારી રણનીતિ વિરૂદ્ધ હરિયાણાનો હવાલો આપતા કહ્યું કે, 'હરિયાણાના લોકો "એક હે તો સેફ હે" મંત્રનું પાલન કરીને કોંગ્રેસના ષડયંત્રને નાકામ કરી દીધું.'

### ભદેલે આરોપ લગાવ્યો કે, અધિકારીઓ ભ્રષ્ટ છે

# ભાજપના ધારાસભ્ય સરકારી અધિકારીઓ ઉપર ભડક્યાં

**અનિતા ભદેલે કહ્યું કે, જો આવું જ ચાલશે તો હું મારીશ**

જયપુર, તા.૯

રાજસ્થાનની ભજનલાલ સરકારમાં સુનાવણી ન થવાના કારણે ભાજપના ધારાસભ્યોમાં પોતાની જ સરકાર પ્રતિ અસંતોષ વધી રહ્યો છે. અજમેરમાં મંત્રીની સામે જ ભાજપ ધારાસભ્ય અનિતા ભદેલ ગુસ્સે થઈ ગયાં હતી. ભદેલે આરોપ લગાવ્યો કે, અધિકારીઓ ભ્રષ્ટ છે. પૈસા લઈને કામ કરે છે.

ગુસ્સે થયેલા અનિતા ભદેલે કહ્યું કે, જો આવું જ ચાલશે તો હું મારીશ. હકીકતમાં શહેરી વિકાસ અને સ્વ-સરકારી મંત્રી ઝાબર સિંહ ખર્રા અજમેરમાં જનતા સુનાવણી માટે ગયા હતાં. અહીં અજમેર દક્ષિણની ધારાસભ્ય અનિતા ભદેલ ગુસ્સે થઈ ગયાં. ધારાસભ્યએ કહ્યું કે, અધિકારી કોઈ ભૂલ વિના લોકોના ઘર અને ગાડાઉન સીઝ કરી રહ્યાં છે. ધારાસભ્યએ કહ્યું કે, ન તો નોટિસ આપવામાં આવી રહી છે અને ન તો કાગળ જોવામાં આવી રહ્યાં છે. ગેસ ગોડાઉન સીઝ હોવાના કારણે ૧૫ હજાર ગ્રાહકો પરેશાન છે. બધાંની પાસે માન્ય કાગળ છે. પરંતુ, ડેપ્યુટિ કમિશનર સહિત કોઈપણ અધિકારી ધારાસભ્યનો ફોન નથી ઉપાડતા. જો ફોન કરી દીધો તો પીડિત વ્યક્તિને મળવા જાય ત્યારે કહે કે, ધારાસભ્ય પાસે ફોન કરાવ્યો, હવે બીજા ૫૦ હજાર રૂપિયા આપો. ધારાસભ્યએ પણ જીદ પકડી કે, મંત્રીની સામે ડેપ્યુટી કમિશનરને ફોન લગાવવામાં આવે. ફોન લગાવ્યો તેમ છતાં ડેપ્યુટી કમિશનરે ફોન ન ઉપાડ્યો. ત્યારબાદ મંત્રીએ પણ ધારાસભ્યને આશ્વાસન આપ્યું કે, હું આ મામલે તપાસ કરીશ અને અધિકારી ન સાંભળે તો કાર્યવાહી કરવામાં આવશે. જોકે, ધારાસભ્યની ફરિયાદ બાદ અજમેર ડેવલપમેન્ટ ઓથોરિટી કમિશનરે ડેપ્યુટી કમિશનરોને હટાવ્યા ન હતા પરંતુ માત્ર તેમના ઝોન બદલ્યા હતાં.

# દામનગર ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં સાવરકુંડલાની સરે ઈલેવન ચેમ્પિયન બની



સાવરકુંડલા, તા. ૭

દામનગરમાં યોજાયેલી ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૬ ટીમો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં સાવરકુંડલાની સરે ઈલેવન અને કેમ્પ શાયર વચ્ચે રોમાંચક જંગ જોવા મળ્યો હતો. ટોસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી કેમ્પ શાયરની ટીમ સરે ઈલેવનના ધાકડ બોલિંગ સામે માત્ર ૧૦ ઓવરમાં ૮૫ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં બેટિંગ કરવા ઉતરેલી સરે ઈલેવનની ટીમે માત્ર ૭ ઓવરમાં ૮૬ રન કરીને મેચ જીતી લીધી હતી.

આ મેચમાં શાહિદ જાખરાએ શાનદાર પ્રદર્શન કરીને મેન ઓફ ધ મેચનો એવોર્ડ જીત્યો હતો, જયારે અસુ મકવાણાને મેન ઓફ ધ સિરીઝનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

સરે ઈલેવનની આ જીતથી સાવરકુંડલાના ક્રિકેટ પ્રેમીઓમાં ખુશીની લહેર ફરી વળી છે. ટીમના કોચ ઈરફાનભાઈ કુરેશીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, ટીમના તમામ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યુ છે અને આ જીત ટીમના સખત પરિશ્રમનું ફળ છે.

સરે ઈલેવન ટીમના કેપટન સાબીર મલેક અને તેમની ટીમમાં ફઝલ બાપુ, રમીજ મલેક, સલીમ ડાઘો, હરદીપભાઈ બસીયા, અબ્દુલ બાવનકા, ઈમરાન સુમરા, જોનીભાઈ, સમીર મલેક, અકરમ કુરેશી, નદીમ, શકીલ, અને એજુ.

આ મેચનું કોચિંગ વાસુભાઈ મલેક, ઈરફાનભાઈ કુરેશી, સરજુ જમાદારની સારી ભૂમિકાનું પરિણામ ગણાવી શકાય. આ ટુર્નામેન્ટમાં સરે ઈલેવનની જીત સાથે સાવરકુંડલાનું નામ રોશન થયેલ હતું.

### તેને વૈશ્વિક મહાસત્તા કહેવી જોઈએ : પુતિન

# રશિયન રાષ્ટ્રપતિ પુતિને ભારતને ગણાવ્યો 'મહાન દેશ'

**પુતિને પોતાના સંબોધનમાં કહ્યું કે અમે ભારત સાથેના અમારા સંબંધોને વિવિધ ક્ષેત્રોમાં વિકસાવી રહ્યા છીએ**

નવી દિલ્હી, તા.૯

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ફરી એકવાર ભારતના વખાણ કર્યા છે અને કહ્યું છે કે ભારત અને રશિયા વચ્ચે સહયોગ સતત વધી રહ્યો છે. પુતિને ભારતને એક મહાન દેશ ગણાવ્યો અને કહ્યું કે ભારતની આર્થિક પ્રગતિ અને તેની વિશાળતાને ધ્યાનમાં રાખીને તેને વૈશ્વિક મહાસત્તાઓની યાદીમાં સામેલ કરવું જોઈએ. પુતિને રશિયાના સોચી શહેરમાં વાલ્ડાઈ ડિસ્કશન ક્લબ નામની ઈવેન્ટમાં પોતાના સંબોધન દરમિયાન આ વાત કહી.પુતિને પોતાના સંબોધનમાં કહ્યું કે 'અમે ભારત સાથેના અમારા સંબંધોને વિવિધ ક્ષેત્રોમાં વિકસાવી રહ્યા છીએ. ભારત એક મહાન દેશ છે. આર્થિક વૃદ્ધિની દ્રષ્ટિએ તે મુખ્ય અર્થતંત્રોમાં પણ અગ્રણી છે. તેનો જીડીપી ૭.૪ ટકાના દરે વધી રહ્યો છે. રશિયા અને ભારત વચ્ચે દર વર્ષે સહકાર વધી રહ્યો છે. પુતિને સોવિયત સંઘના સમયથી ભારત સાથેના રશિયાના સંબંધો વિશે વાત કરી અને બંને દેશો વચ્ચેના સંબંધોને ખૂબ જ ખાસ ગણાવ્યા. પુતિને કહ્યું કે ભારતની આઝાદીમાં સોવિયત સંઘે પણ ભૂમિકા ભજવી હતી.પુતિને કહ્યું કે 'ભારતને વૈશ્વિક મહાસત્તાઓની યાદીમાં સામેલ કરવું જોઈએ. તે દોઢ અબજ લોકોનો દેશ છે અને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનો એક છે. તેની સંસ્કૃતિ ખૂબ જ પ્રાચીન છે અને ભવિષ્યમાં વિકાસની અપાર સંભાવનાઓ ધરાવે છે.રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત અને રશિયા સંરક્ષણ ક્ષેત્રમાં પણ સહયોગ વધારી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારતીય દળો પાસે ઘણા રશિયન હથિયારો છે. આ બંને દેશો વચ્ચેનો વિશ્વાસ દર્શાવે છે. અમે અમારા શસ્ત્રો માત્ર ભારતને જ વેચતા નથી પરંતુ અમે તેને એકસાથે ડિઝાઈન પણ કરીએ છીએ. ઉલ્લેખનીય છે કે ભારત અને રશિયાએ સંયુક્ત રીતે બ્રહ્મોસ મિસાઈલ વિકસાવી છે. બ્રહ્મોસનું નામ ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામને જોડીને રાખવામાં આવ્યું છે.

### ચાહકો આ મેચ ફ્રીમાં લાઈવ જોઈ શકશે

# ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે T20 સિરીઝની બીજી મેચ આજે રમાશે

**બીજો મુકાબલો રવિવારે સેન્ટ જ્યોર્જ પાર્ક સ્ટેડિયમમાં રમાશે**

નવી દિલ્હી, તા.૯

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે T20 સિરીઝની બીજી મેચ રવિવારે રમાશે. આ મુકાબલો ગકેબેહરાના સેન્ટ જ્યોર્જ પાર્ક સ્ટેડિયમમાં યોજાશે. ટીમ ઈન્ડિયાએ સિરીઝની પ્રથમ મેચમાં શાનદાર જીત નોંધાવી. હવે બીજી મેચની તૈયારી છે. ચાહકો આ મુકાબલો ફ્રીમાં લાઈવ જોઈ શકશે. આ ટીવી સાથે મોબાઈલ એપ પર પણ જોઈ શકાશે. એક મહત્વની વાત એ પણ છે કે આ મેચનો સમય અલગ હશે.

ભારત-દક્ષિણ આફ્રિકાનો બીજો મુકાબલો રવિવારે સેન્ટ જ્યોર્જ પાર્ક સ્ટેડિયમમાં રમાવાનો છે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે ૭.૩૦ વાગ્યાથી શરૂ થશે. જ્યારે પહેલી મેચ રાત્રે ૮.૩૦ વાગ્યાથી રમાઈ હતી. પહેલી મેચ ડરબનમાં યોજાઈ હતી. આ કારણે તેનો સમય અલગ હતો.

ટીમ ઈન્ડિયા આ સિરીઝમાં ચાર મેચ રમશે. આ સિરીઝ ટીવી ચેનલ Sports18 પર જોઈ શકાશે. જો દર્શકો બીજી T20 મેચ મોબાઈલ પર જોવા માંગે તો તે પણ શક્ય છે. આ માટે JioCinema એપ ડાઉનલોડ કરવી પડશે. અહીં મેચ ફ્રીમાં લાઈવ જોઈ શકશે.

ભારત-દક્ષિણ આફ્રિકાની બીજી મેચના દિવસે હવામાન ઠંડું રહી શકે છે. હવામાન વિભાગ મુજબ તાપમાન લગભગ ૧૬ ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે. વરસાદની શક્યતા ખૂબ જ ઓછી છે. તેથી મેચ દરમિયાન કોઈ મુશ્કેલી આવવાની શક્યતા નહીવત છે.

ભારતે T20 સિરીઝની પહેલી મેચમાં ૬૧ રનથી જીત નોંધાવી. સંજૂ સેમસને દક્ષિણ આફ્રિકા સામે આ મેચમાં વિસ્ફોટક સદી ફટકારી. તેમણે ૫૦ બોલનો સામનો કરતાં ૧૦૭ રન બનાવ્યા. સેમસનની આ ઈનિંગ્સમાં ૧૦ છગ્ગા અને ૭ ચોગ્ગા સામેલ હતા. તિલક વર્માએ ૧૮ બોલમાં ૩૩ રન બનાવ્યા હતા. તેમણે ૩ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા. આ રીતે ભારતે ૨૦૨ રન બનાવ્યા હતા. તેના જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ ૧૪૧ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ.

સંજૂ સેમસને અભિષેક શર્મા સાથે મળીને ટીમ ઈન્ડિયાના ઈનિંગનો પ્રારંભ કર્યો હતો. અભિષેક માત્ર ૭ રન બનાવીને પવેલિયનમાં પરત ફર્યા હતા, પરંતુ સેમસન બીજા છેડે ક્રીઝ પર ટકી રહ્યો.

આ દરમિયાન તેમણે ૨૭ બોલમાં તેના ૫૦ રન પૂરા કર્યા અને આશ્ચર્યજનક વાત એ હતી કે આગલા ૫૦ રન બનાવવા માટે તેમણે માત્ર ૨૦ બોલ જ રમ્યા. તેમણે કેપ્ટન સૂર્યકુમાર યાદવ સાથે ૬૬ રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી. તિલક વર્માએ પણ તેને સારો સાથ આપ્યો, જેણે ૧૮ બોલમાં ૩૩ રન બનાવ્યા.

# રાજુલાના ભેરાઈ ગામે વિદ્યાર્થી સન્માન સમારંભ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



કોવાયા, તા. ૭

એવું કહેવાય છે કે નિર્મળ મનથી અને નિઃસ્વાર્થભાવે શરૂ કરેલ કાર્યમાં પ્રકૃતિ પણ સકારાત્મક ઉર્જા પૂર પાડે છે.

ભેરાઈ ગામે ''આહીર એજયુકેશન સમિતિ – રાજુલા'' ધ્વારા આયોજીત ''તેજસ્વી વિદ્યાર્થી તેમજ વ્યકિત વિશેષ'' તૃતીય સન્માન સમારોહ એવમ સ્નેહ મિલન – ૨૪ ખૂબ જ શિસ્તબદધ રીતે, અતિસુંદર, નિશ્ચિત સિધ્ધિઓ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો.

આ સન્માન સમારંભમાં ૨૮૫ વિદ્યાર્થીઓ અને ૮ આ વર્ષના નવા સરકારી નોકરીયાતોનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રકારનો સન્માન સમારોહ આહિર એજયુકેશન સમિતિ – રાજુલા ધ્વારા દર વર્ષે ભાઈબીજના પછીના દિવસે એટલે કે કારતક સુદ ત્રીજના દિવસે રાજુલા તાલુકાના અલગ અલગ ગ્રામ્ય કક્ષાએ આયોજીત કરવામાં આવે છે.

જ્ઞાતિગંગાના ભગીરથ યજ્ઞીય કાર્યમાં તન, મન, ધનથી અને મન, વચન, કર્મથી સહકાર આપનાર તમામ સંતઓ, દાતાઓ, વડીલો, યુવાનો, માતાઓ–બહેનો, વિદ્યાર્થીઓ, ભેરાઈ ગામના સ્થાનિક યુવાનો (ગ્રામજનો) તેમજ જેમને પાયાના પથ્થર તરીકે બિરદાવી શકાય તેવા તમામ ગામના ''એજયુકેશન સમિતિ''ના પ્રતિનિધિઓ કે જેમણે વિદ્યાર્થીઓ તેમજ સરકારી કર્મચારીઓના ડેટા કલેકશન, ડોર ટુ ડોર આમંત્રણ પત્રિકા વિતરણ અને કાર્યક્રમની નાની મોટી જવાબદારી ઉપાડીને આ યજ્ઞીય કાર્યમાં આહુતિ આપી છે. આ કાર્યક્રમની સંપૂર્ણ સફળતાનો યશ તેમને આભારી છે.

આગામી બે વર્ષના સન્માન સમારોહનાં એડવાન્સ બૂંકીગ પણ થઈ ગયાં છે. આ સન્માન સમારોહ ૨૦૨૫માં બારપટોળી ગામે અને ૨૦૨૬માં નિંગાળા–૧ ગામે આયોજીત થશે.

આહીર એજયુકેશન સમિતિ–રાજુલા ધ્વારા આ અંગે બારપટોળી અને નિંગાળા – ૧ના સૌ દાતાઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### સંજુ સેમસને રચ્યો ઈતિહાસ

# સંજુ સેમસને સતત બીજી T20 સદી ફટકારનાર પ્રથમ ભારતીય બેટર

**સંજૂ સેમસને બાંગ્લાદેશ વિરુદ્ધ મેચમાં સદી ફટકારી**

ડરબન, તા.૯

સંજુ સેમસન T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત માટે સતત બે સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બની ગયો છે. કિંગ્સમીડના ઐતિહાસિક મેદાન પર સંજુએ દક્ષિણ આફ્રિકા સામે માત્ર ૪૭ બોલમાં પોતાની કારકિર્દીની બીજી સદી ફટકારી હતી. આઉટ થતા પહેલા સંજુએ ૫૦ બોલમાં ૧૦૭ રનની વિસ્ફોટક ઈનિંગ રમી જેમાં સાત ચોગ્ગા અને ૧૦ છગ્ગા સામેલ હતા.

ભારતના દક્ષિણ આફ્રિકા પ્રવાસ પહેલા બાંગ્લાદેશની ટીમ ભારત આવી હતી. હૈદરાબાદમાં રમાયેલી શ્રેણીની ત્રીજી મેચમાં તેણે ૪૦ બોલમાં સદી ફટકારી હતી. ૪૭ બોલમાં ૧૧૧ રનની ઈનિંગ રમીને કારકિર્દીની પ્રથમ ટી૨૦ સદી ફટકારનાર સંજુ સેમસને હવે સતત બીજી મેચમાં ટી૨૦ સદી ફટકારી છે.

હવે તે આ ફોર્મેટમાં સૌથી વધુ સદીના મામલે કેએલ રાહુલ સાથે સંયુક્ત રીતે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. પૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને વર્તમાન કેપ્ટન સૂર્યકુમાર યાદવ ચાર-ચાર સદી સાથે સંયુક્ત રીતે ટોચના સ્થાને છે. સંજુ સેમસન ભલે સતત બે T20I સદી ફટકારનાર પ્રથમ ભારતીય બની ગયો હોય, પરંતુ એકંદરે તે આ યાદીમાં ચોથા ક્રમે આવે છે. સંજુ પહેલા ફ્રાન્સના ગુસ્તાવ મેકેન, સાઉથ આફ્રિકાના રિલે રૂસો અને ઈંગ્લેન્ડના ફિલ સોલ્ટે આ સિદ્ધિ મેળવી હતી.જ્યારે દક્ષિણ આફ્રિકાની ટીમે ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ કરવાનું કહ્યું ત્યારે અભિષેક શર્માએ સંજુ સેમસન સાથે મળીને ઈનિંગની શરૂઆત કરી હતી. અભિષેક વહેલો આઉટ થયો હોવા છતાં સંજુએ કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને પછી તિલક વર્મા સાથે શાનદાર ભાગીદારી કરી હતી. પ્રોટીયાઝ બોલરોને મેદાનની ચારેબાજુ તોડી નાખ્યા. તેણે કેશવ મહારાજ અને નાકાબયોમજી પીટર જેવા સ્પિનરોની ધોલાઈ કરી હતી.

### બંગાળની ખાડીમાં ભારે હલચલ

# અનેક રાજ્યોમાં આંધી-તોફાન સાથે વરસાદની આગાહી

**બંગાળની ખાડી પર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે જેનાથી અનેક રાજ્યોમાં વરસાદ પડી શકે છે**

નવી દિલ્હી, તા.૯

ઉત્તર ભારતમાં જ્યાં ધીરે ધીરે ઠંડી દસ્તક આપી રહી છે ત્યાં દક્ષિણ ભારતમાં વરસાદનો સિલસિલો હજુ પણ ચાલુ જોવા મળી રહ્યો છે. મેદાની વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થયો છે અને ત્યારબાદ ઠંડી વધી રહી છે. જ્યારે પહાડી વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયેલું છે.

બંગાળની ખાડી પર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે જેનાથી અનેક રાજ્યોમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત ગુજરાત માટે પણ હવામાન વિભાગ અને અંબાલાલે શું આગાહી કરેલી છે જાણો લેટેસ્ટ અપડેટ. બંગાળની ખાડીની દક્ષિણ પશ્ચિમમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે. જે હવે સમુદ્રની સપાટીથી ૩.૬ કિમી ઉપર સુધી ફેલાયું છે. તેના પ્રભાવથી બંગાળની ખાડી પર આગામી કેટલાક કલાકોમાં લો પ્રેશર એરિયા બને તેવી શક્યતા છે. આગામી બે દિવસ સુધીમાં તે તમિલનાડુ અને શ્રીલંકાના કાંઠા વિસ્તારો તરફ આગળ વધે તેવા એંધાણ છે. જેનાથી અનેક રાજ્યોમાં તેજ તોફાન સાથે વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યાં મુજબ ૧૪ નવેમ્બર સુધી કેરળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, પુડુચેરીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયેલું છે. કેરળના તિરુવનંતપુરમ, કોલ્લમ, પથાનામથિટ્ટા, અલપુઝા, કોટ્ટાયમ, એર્નાકુલમ, અને ઈડુક્કી જિલ્લા માટે યલ્લો એલર્ટ અપાયું છે. પુડુચેરીના માહે, યનમ, કરાઈકલમાં પણ વરસાદી એલર્ટ છે. આ ઉપરાંત કર્ણાટકના કેટલાક ભાગોમાં પણ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે તોફાની હવા અને ખરાબ હવામાન જોતા માછીમારોને કેરળ-લક્ષદ્વીપ તટ પર માછલી પકડવા ન જવાની સલાહ આપી છે. ૯-૧૦ અને ૧૧ નવેમ્બરે તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલમાં ભારે વરસાદ પડી શકે છે. ૧૨-૧૩ અને ૧૪ નવેમ્બરે તમિલનાડુ, કેરળ, માહે, પુડુચેરી, કરાઈકલમાં ભારે વરસાદ પડી શકે છે. આ રાજ્યોમાં વરસાદની અસર સમગ્ર દેશમાં જોવા મળી શકે છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એકે દાસે જણાવ્યું કે, આગામી ૭ દિવસ વાતાવરણ સૂકું રહેશે. રાજ્યમાં ૫ દિવસ તાપમાન યથાવત રહેશે. ગુરુવારે અમદાવાદમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું, જે સામાન્ય કરતા ૨ ડિગ્રી વધુ છે. ડીસામાં ૩૯.૧ ડીગ્રી તાપમાન નોંધાયું છે. નલિયામાં સૌથી ઓછું ૧૯.૫ તાપમાન નોંધાયું છે. ઉત્તર પૂર્વીય પવન ફૂંકાવાને લઈને તાપમાનમાં બદલાવ આવ્યો છે. હાલ સવારે ઠંડી અને બપોરે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. હજુ પણ બેવડી ઋતુનો અહેસાસ થઈ શકે છે.

### અખિલેશ યાદવના યોગી પર આડકતરા પ્રહાર

# કોઈ વ્યક્તિ વસ્ત્રથી નહીં વચનથી યોગી બને છે

**અખિલેશે કહ્યું કે એન્કાઉન્ટર કરનારાઓનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે : હવે તે વધુ દિવસો સત્તામાં નહીં ટકે**

લખનૌ, તા.૯

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ફરી એકવાર સીએમ યોગી આદિત્યનાથને આડેહાથ લેતાં આકરા પ્રહારો કર્યા હતા. લખનઉમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધતાં અખિલેશે કહ્યું કે એક્રાઉન્ટર કરનારાઓનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. હવે તે વધુ દિવસો સત્તામાં નહીં ટકે.

અખિલેશ યાદવે આક્રમક અંદાજમાં સીધા સીએમ યોગીને નિશાને લેતા કહ્યું કે, 'સંત સમાજ વચ્ચે ઝઘડા કરાવતા જઈ રહ્યા છે, જે પોતાના કરતાં કોઈને મોટા માનતા જ નથી એ કેવા 'યોગી' છે? જેટલા મોટા સંત હોય તે એટલું ઓછું બોલે છે અને બોલે તો પણ જનકલ્યાણ માટે જ બોલે છે, જેના વચન પ્રવચન માની લેવાય છે. જ્યારે અહીં તો બધું જ ઉલટું છે. અખિલેશે કહ્યું કે જે પ્રકારની ભાષાનો પ્રયોગ થઈ રહ્યો છે તેનાથી લાગે છે કે તેમની યોગ્યતા વિશે તમારે અને મારે જાણવું જોઈએ. કોઈ વ્યક્તિ વસ્ત્રોથી નહીં પણ વચનથી યોગી બને છે. આ આઝાદીનો નહીં પણ બર્બાદીનો અમૃતકાળ છે અને નકારાત્મક લોકોનો પણ. અમારે ત્યાં એવું મનાય છે કે જે જેટલો મોટો જ્ઞાની હોય તે એટલો જ ચૂપ રહે છે. એટલે જ તો અમારે ત્યાં મૌની અને મુનિની પરંપરા છે અને કળીયુગમાં બધું ઉલટું થઈ રહ્યું છે. મૃતભાષી આજકાલ વાચાળ બની ગયા છે, જ્યારે મૃદુભાષી કટુવાચી બની ગાય છે... પરોપકારી લોકો અત્યાચારીનું કામ કરી રહ્યા છે.

સીએમ યોગીનું નામ લીધા વિશે અખિલેશ યાદવે કહ્યું કે જેમનું કામ સરકાર ચલાવવાનું છે એ તો બુલડોઝર ચલાવી રહ્યા છે અને વિકાસના પ્રતીક વિનાશના પ્રતીક બની ગયા છે. દેશમાં પહેલીવાર એવું થયું કે સુપ્રીમ કોર્ટે બુલડોઝર એક્શન વિરુદ્ધ યુપી સરકારને ૨૫ લાખ રૂપિયાનો ભારે દંડ ફટકાર્યો છે. આવું બીજે ક્યાંય થયું હોય તો જણાવજો.

### તેલંગાણામાં જાતિગત વસ્તી ગણતરી શરૂ થઈ ચૂકી

# જાતિગત વસ્તી ગણતરી પાસ કરાવીશું, અનામતમાં ૫૦ ટકાની મર્યાદા તોડીશું : રાહુલ ગાંધી

**ટૂંક સમયમાં આ મહારાષ્ટ્રમાં પણ થશે, સૌને ખબર છે કે ભાજપ દેશમાં એક વ્યાપક જાતિ વસ્તી ગણતરી નથી કરાવવા ઈચ્છતું**

મુંબઈ, તા.૯

તેલંગાણામાં કોંગ્રેસ સરકારે શનિવારે (૯ નવેમ્બર, ૨૦૨૪) રાજ્યની પહેલી જાતિ-આધારિત સર્વેક્ષણ શરૂ કર્યું છે. આ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે ભાજપ દેશમાં એક વ્યાપક જાતિ વસ્તી ગણતરી નથી કરાવવા ઈચ્છતું.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ 'X' પર એક પોસ્ટમાં લખ્યું કે, મોદી જી, આજથી તેલંગાણામાં જાતિગત વસ્તી ગણતરી શરૂ થઈ ચૂકી છે. તેનાથી મળનારા ડેટાનો ઉપયોગ આપણે રાજ્યના દરેક વર્ગના વિકાસ માટે નીતિઓ બનાવવામાં કરીશું. ટુંક સમયમાં આ મહારાષ્ટ્રમાં પણ થશે, સૌને ખબર છે કે ભાજપ દેશમાં એક વ્યાપક જાતિ વસ્તી ગણતરી નથી કરાવવા ઈચ્છતું.

વધુમાં કહ્યું કે, હું મોદીજીને સ્પષ્ટ કહેવા માગું છું કે, તમે દેશભરમાં જાતિગત વસ્તી ગણતરી રોકી ન શકો. અમે આ સંસદમાં જાતિગત વસ્તી ગણતરીને પાસ કરીને દેખાડીશું અને અનામત પરથી ૫૦ ટકાની મર્યાદા તોડી નાખીશું.

જણાવી દઈએ તેલંગાણા સરકારે શનિવારે જાતિગત વસ્તી ગણતરી શરૂ કરી દીધી છે. આગામી કેટલાક અઠવાડિયામાં ૮૦ હજાર ગણતરી કરનારા દ્વારા ૩૩ જિલ્લાના ૧.૧૭ કરોડથી વધુ ઘરોનો સર્વે કરાવાશે. આ પહેલા તેલંગાણામાં કોંગ્રેસે ૫ નવેમ્બરે જાતિ સર્વેક્ષણ પર એક બેઠક કરી હતી.

આ બેઠકમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ હાજર રહ્યા હતા. તેમણે જાતિગત વસ્તી ગણતરીને સમગ્ર રીતે પાર પાડવા માટે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતા કહ્યું હતું કે, એક પગલું પાર્ટીના રાષ્ટ્રીય દૃષ્ટિકોણનો હિસ્સો છે. કોંગ્રેસનો ઉદ્દેશ્ય ભારતીય સમાજમાં સમતાવાદી વ્યવસ્થાની દિશામાં એક બદલાવ લાવવાનો છે.

### ભાજપના સાંસદે પાકિસ્તાનને આપ્યો જડબાતોડ જવાબ

# કાશ્મીર ભારતનું છે અને રહેશેઃ સુધાંશુ ત્રિવેદી

**ભારત પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓના જવાબમાં જવાબ આપવાનો પોતાનો અધિકાર પસંદ કરે છે**

નવી દિલ્હી, તા.૯

સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાને ફરી એક વાર કાશ્મીરને લઈને હક જતાવવાની કોશિશ કરી. તેમણે એલઓસી પર યૂએનના પર્વક્ષક સમૂહ યૂએનએમઓજીઆઈપીની માગ કરવાની કોશિશ કરી. તેના પર યૂએનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા પહોંચેલા રાજ્યસભાના સાંસદ અને ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જવાબ આપ્યો હતો. તેમણે ચર્ચા દરમ્યાન પાકિસ્તાન વારંવાર જમ્મુ કાશ્મીરનો મુદ્દો ઉછાળવાની કોશિશ કરી. ત્રિવેદીએ પાકિસ્તાન પર મંચને ગુમરાહ કરવા માટે નિવેદનબાજી અનો જુઠાણુ ફેલાવાનો આરોપ લગાવ્યો.

ત્રિવેદીએ કહ્યું કે, ભારત પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓના જવાબમાં જવાબ આપવાનો પોતાનો અધિકાર પસંદ કરે છે. જેણે ફરી એક વાર આ પ્રતિષ્ઠિત સંસ્થાને તેના એજન્ડાથી ભટકાવવાનો પ્રયાસ કર્યો છે. પાકિસ્તાનની આ નાપાક હરકત પર ત્રિવેદીએ ભારતની દ્રઢ સ્થિતિને વાગોળતા કહ્યું કે, કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર ભારતનું અભિન્ન અંગ હતું અને રહેશે. ત્રિવેદીએ પાકિસ્તાનને આવા નિવેદનોથી દૂર રહેવાનો આગ્રહ કર્યો. તેમણે ભાર આપીને કહ્યું કે, પાકિસ્તાન તરફથી વારંવાર બૂમો પાડવાથી તથ્યો બદલાઈ જશે નહીં. ત્રિવેદીએ કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરના લોકોએ હાલમાં જ પોતાના લોકતાંત્રિક અને ચૂંટણી અધિકારનો ઉપયોગ કર્યો અને એક નવી સરકાર ચૂંટી છે. પાકિસ્તાનને આવી નિવેદનબાજી અને જૂઠાણાથી દૂર રહેવું જોઈએ, કારણ કે તેનાથી તથ્યો બદલાશે નહીં.વાસ્તવમાં, ભારતની પ્રતિક્રિયા પાકિસ્તાની પ્રતિનિધિની ટિપ્પણી પછી આવી છે, જેણે ભારત અને પાકિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્રના લશ્કરી નિરીક્ષક જૂથ (UNMOGIP) વિશે વાત કરી હતી. UNMOGIPની સ્થાપના મૂળ નિયંત્રણ રેખા (LOC) પર યુદ્ધવિરામના ઉલ્લંઘન પર નજર રાખવા માટે કરવામાં આવી હતી. ભારતની દલીલ છે કે UNMOGIP હવે અપ્રસ્તુત બની ગયું છે, કારણ કે શિમલા કરાર અને LoCની સ્થાપનાએ તેના આદેશને અપ્રસ્તુત બનાવી દીધો છે.





## રૂપિયા ૮૦થી લઈને રૂપિયા ૧૨૦નું પ્રતિ કિલો શાકભાજી વેચાઈ રહ્યું છે

# અમરેલીમાં આસમાને પહોંચતા વિવિધ શાકભાજીનાં ભાવ

**ગરીબ અને મધ્યમવર્ગનાં પરિવારો શાકભાજી અને કઠોળનાં આસમાને પહોંચેલ ભાવથી પરેશાન**

**અતિવૃષ્ટિ, ખાતર, બિયારણ મોંઘા થવા સહિતનાં મામલે ભાવો ઉંચા હોવાનું અનુમાન**

**જો કે નફાખોરો અને સંગ્રહખોરોની પણ મોંઘવારી વધારવામાં મહત્વની ભૂમિકા નિવારી શકાય નહી**

**સરકાર જાગૃત નહી બને તો રેશનિંગ દુકાન ઉપરથી રાહતદરે શાકભાજી વેચવું પડે તેવી પરિસ્થિતિ પણ શક્ય છે**



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં ચોમાસું લાંબા સમય સુધી ચાલું રહેતા અને છેલ્લે છેલ્લે વધારે વરસાદ પડતાં ખેતી પાક તથા ખેતરમાં વાવેલા ભારે નુકશાન થવા પામેલ છે. જેને લઈ શાકભાજીનો પાક ઓછો આવતાં અને શાકભાજીની માંગ વધારે રહેતા શાકભાજીના ભાવમાં છેલ્લા કેટલાંક સમયથી ઉછાળો જોવા મળેલ છે. જેને લઈ શાકમાર્કેટમાં ગ્રાહકોનું પ્રમાણ ઘટતા મંદી જેવું વાતાવરણ જોવા મળે છે.

અમરેલી શહેર સહિત જિલ્લાના મોટાભાગનાં વિસ્તારમાં મોટા કોઈ ઉદ્યોગ ના હોવાના કારણે અમરેલી જિલ્લો ખેતી તથા તેને લગત પશુપાલન તથા મધમાખી ઉછેર જેવા ઉદ્યોગ ઉપર નિર્ભર છે. ત્યારે ચોમાસા દરમિયાન

અનુસંધાન પાના ૬ ઉપર






**પરશોતમભાઈ રૂપાલા અધ્યક્ષ સ્થાને તથા દિલીપ સંઘાણી અને કૌશિક વેકરીયા ઉદ્દઘાટક તરીકે હાજર રહેશે**

# ઓકસફર્ડ સ્કૂલ અમરેલી ખાતે આજથી ત્રિદિવસીય ગણિતશાસ્ત્રીઓનો મહાકુંભ

**નેશનલ લેવલના ગણિતના તજજ્ઞો દ્વારા વ્યાખ્યાન અને સેમિનાર યોજાશે, ૯:૩૦ કલાકે અધિવેશનનું ઉદ્દઘાટન થશે**

અમરેલી, તા. ૯

પ્રાચીનકાળથી ભારતીય ગણિત શાસ્ત્રી વૈશ્વિક રીતે અનેકવિધ સંશોધનો કરતું આવેલ છે. પ્રાચીન ધરોહરમાં ભૌમિતિક તેમજ ગાણિતિક સમીકરણોનો ભરપૂર પ્રયોગ જોઈ શકાય છે અને આજે પણ તેની સંરચના અચરજ પમાડે તેવી લાગે છે.

ગુજરાત ગણિત શિક્ષણના ભીષ્મપિતામહ પી.સી. વૈદ્ય દ્વારા સ્થપાયેલ ગુજરાત ગણિત મંડળ પ્રતિ વર્ષ ગણિત જીજ્ઞાસુઓનું અધિવેશન કરે છે. આ વર્ષે ૬૧મું અધિવેશન અમરેલીમાં ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના વિશાળ શૈક્ષણિક પરિસરમાં આયોજીત થવા જઈ રહેલ છે.

અમરેલી જીલ્લામાં ગણિતશાસ્ત્રના વટ વૃક્ષ જેવા ગણિત શિક્ષણ અંગે આજીવન ભેખધારી ગુરૂવર્ય એચ.એલ. પટેલની રાહબરી હેઠળ ગણિત—વિજ્ઞાનના વર્તમાન, ભૂતપૂર્વ શિક્ષકો તથા સેવાભાવી

અનુસંધાન પાના ૬ ઉપર

**શ્વાસની બીમારીનાં કારણે અચાનક નિધન**

# અમરેલીનાં જાણીતા એડવોકેટ સ્વ. મનોજભાઈ ગોસાઈનાં ધર્મપત્ની ચારૂલતાબેન ગોસાઈનુ નિધન

**આવતીકાલ સોમવારે બપોરે ૨ કલાકે અંતિમયાત્રા યોજાશે**



અમરેલી, તા. ૯

અમરેલી પાલિકાના પુર્વ પ્રમુખ અને જાણીતા એડવોકેટ સ્વ. મનોજભાઈ ગોસાઈનાં ધર્મ પત્ની અને અમરેલી નગરીક બેંકના પુર્વ ડાયરેકટર તેમજ પોસ્ટ ઓફીસના નિવૃત કર્મચારી તથા રવિન, શશિન અને નેહાબેનનાં માતૃશ્રી ચારૂલતાબેન ગોસાઈ (ઉ.વ. ૬૫) નું આજે શ્વાસની બીમારીના કારણે નિધન થયેલ છે.

સદ્ગતનાં પુત્ર શશિન અમેરિકા સ્થાયી થયા હોય તેઓ સોમવારે અમેરિકારથી અમરેલી પહોંચ્યા બાદ બપોરના ૨ કલાકે તેઓના મહિલા સોસાટી ખાતેનાં નિવાસ સ્થાનેથી બપોરે ૨ કઈાકે અંતિમયાત્રા યોજાશે એ અગ્નિ સંસ્કાર કૈલાશ મુકિતધામ, કેરીયા રોડ ખાતે આપવમાં આવશે.





અમરેલી એકસપ્રેસ

એજન્સી આપવાની છે...

અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એકસપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.

સંપર્ક

મનોજ રૂપારેલ - તંત્રી

મો.૯૮૨૫૦ ૦૭૪૪૩

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી

NCT

NETRA CHIKITSA AYURVED COLLEGE

CHITTAL ROAD, AMRELI, GUJARAT 365601

REQUIREMENT OF TEACHIG STAFF

Netra Chikitsa Ayurved College invites applications for the following

TEACHING STAFF for BAMS Course

| Subject | Assistent Prof. | Associote Prof. | Prof. |
|---|---|---|---|
| Kaya chikitsa | 1 | 1 | 1 |
| Kaumar bhritya | 2 | 1 | 0 |
| Prasuti Tantra Evum Striroga | 1 | 1 | 0 |
| Shalya Tantra | 1 | 1 | 0 |
| Shalakya Tantra | 1 | 0 | 0 |
| Samhita Evum Siddhanta | 0 | 1 | 0 |
| Kriya Sharir | 1 | 0 | 0 |
| Agad Tantra | 1 | 1 | 0 |
| Rasa Shastra | 1 | 1 | 0 |
| Sanskrita | 1 | 0 | 0 |

1) Above menbaned post is on regular basis.
2) Educational qualification and Experience required(If) are as per the Recrutment Rules of Gujarat Ayurved University, Jamnagar.
3) Detailed adverlisement, recrutment rules and other details can be found on https://www.nctayaurvedacollege.in/ and www.ayurveduniversity.edu.in
4) In service candidate should attach no objection cerfificate of produce it at the time of interview.
5) Contact No. 99789 66629
Email : netramayu@gmail.com

Dt. 09-11-2024

Netra Chikitsa Ayurved College
Chittal Road, Amreli, Gujarat
365601

Magagement
Netra Chikitsa Trust





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)